Since 1925...

જ્ઞાતિ પ્રવાહનું સાપ્તાહિક માધ્યમ

# ક.દ.ઓ. પ્રકાશ સમીક્ષા

C.D.O. PRAKASH SAMIKSHA

Visit us at www.prakashsamiksha.com
E-mail : kdoprakash@gmail.com

RNI રજી. બાદ વર્ષ : ૧૮ · અંક : ૧૯ · તા. ૯ મે થી ૧૫ મે ૨૦૧૫ · વાર્ષિક લવાજમ રૂા. ૫૦ · Regn. No. MCE/53/2015-17

## મંજલ રેલડીયાના શ્રી આદેશ્વર મહારાજ જૈન દેરાસરજીના, ધ્વજારોહણ પ્રસંગે ત્રિહાન્હિકા મહોત્સવની ઉજવણી

## તા. ૨૭-૨૮-૨૯ એપ્રિલ ૨૦૧૫



શ્રીદેરાસર ઉપર ધજા ધામધુમથી ચડાવવામાં આવી.



શ્રી ધજાના લાભાર્થી શ્રી લક્ષ્મીચંદભાઇ ગોસર અને પરિવારજનો.



પુજા ભણાવતા ભાવિકો.



ગુરુપૂજનનો લ્હાવો લેતાં માતુશ્રી વાલબાઇ વિશનજી ધરમશીના પરિવારજનો.



સંગીતમય પુજામાં મગ્ન પ.પૂ.આ.ભ. શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા.



ગુરુ આશિષ લેતા શ્રી લક્ષ્મીચંદ પાસુભાઇ ગોશર



શ્રી લક્ષ્મીચંદભાઇનું સન્માન કરતા ટ્રસ્ટીશ્રીઓ (શ્રી સોમચંદ, શ્રી સુશીલ કુમાર)



સત્તરભેદી પુજામાં ધ્વજની થઇ રહેલી પુજા



પૂ. ગણિવર્ય શ્રી મહોદયસાગરને અન્ય સાધુ સાધ્વી ભગવંતો-સાથે વિધિકાર શ્રી ચન્દ્રકાંત દેઢીયા.

# શ્રી અચલગચ્છ જૈન ટ્રસ્ટ કોઈમ્બતુર ● શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન કોઈમ્બતુર
## નૂતન જિનબિંબો અને પ.પૂ. મુનિરાજ શ્રી ધર્મપ્રભસાગરજી મ.સા.
## આદિઠાણા ૩ નો ભવ્યાતિભવ્ય નગર પ્રવેશ

















વધુ તસ્વીરો છેલ્લા કવર ઉપર

**આદ્યતંત્રીઓ**
**''પ્રકાશ''**
ડૉ. વેલજી પાર્શ્વીર ગોસર
**''સમીક્ષા''**
સનત્ શાહ અને
ગોવિંદજી જીવરાજ લોડાયા
**''પ્રકાશ સમીક્ષા''**
સનત્ શાહ

**: તંત્રી :**
રાયચંદ આર. નાગડા
સહ તંત્રી :
ચંદ્રસેન મોમાયા
મો. 9324618606

**સમિતિ સભ્યો**
કિરીટ લક્ષ્મીચંદ લાપસીયા
રાયચંદ રતનશી નાગડા
શરદ કાંતિલાલ શાહ (નાગડા)
કેશરસિંહ આણંદજી ખોના
તિલકચંદ કુંવરજી લોડાયા
કિરીટ ખેતશી મુનવર
કાશ્મીરા વિરેન્દ્ર લુઠીયા
હિરાચંદ દામજી દંડ
પંકજ પ્રતાપ શાહ
ચંદ્રસેન હીરાચંદ મોમાયા
શૈલેશ સનત્ શાહ
જયંત વિશનજી છેડા

**અંક નં. 19/2015**

**: કાર્યાલય :**
પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું
**C/o. Shri R. R. Nagda,**
**Advocate High Court**
29/41, Tamarind Lane,
Behind Poornima Rest.,
Rajabahadur Comp,
Nr. Stock Exchange Bldg.
Fort, Mumbai - 400 001

**સમય :** બપોરે ૧ થી ૪ ફક્ત
શનિ./રવિ. અને જાહેર રજાના બંધ

**ચાલુ અંક માટે મેટર**
**સ્વીકાર માત્ર બુધવાર સુધી**

**પ્રકાશ-સમીક્ષા હવે નેટ પર....**
www.prakashsamiksha.com
E-mail : kdoprakash@gmail.com

નોંધ : આ પત્રમાં પ્રકાશિત થતા લેખકોના સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ આરોગ્યને લગતા લેખો કે કોઈ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે પ્રકાશ-સમીક્ષા સમિતિની કોઈ જવાબદારી નથી.

## સમસ્ત મહાજનની ટીમે એક્સટેન્શનની દરેક ક્ષણ સાર્થક કરવી રહી

સમસ્ત ક.દ.ઓ. મહાજનની ૩૧મી માર્ચ ૨૦૧૫ સુધીની મહાસમિતિ - ટ્રસ્ટ બોર્ડ તેમજ તેના પદાધિકારીઓને બંધારણીય જોગવાઈ પ્રમાણે એક્સટેન્શન મળતાં અનિશ્ચિતતા ટળી ગઈ છે.

સામાન્ય રીતે આવા એક્સટેન્શનના સમયગાળામાં જે તે સમિતિ પાસેથી કંઈ વિશેષ કામની અપેક્ષા રખાતી નથી. સિવાય કે તે નવી સમિતિ તેમની મુદત પુરી થાય તે પછી તરત જ કામ સંભાળી લે તેવી વ્યવસ્થા કરે.

જોકે, આ એક્સટેન્શન વિશેષ સંજોગોમાં મળ્યું છે. એકંદર સંજોગો જોતાં સમસ્ત મહાજનના વર્તમાન સેક્રેટરી જનરલ અને મેનેજીંગ ટ્રસ્ટીઓ દ્વારા વહેલામાં વહેલી તકે સંસ્થાને પ્રભાવકારી બનાવે. તેવા બંધારણનો મુસદ્દો બે મહિનામાં તેના ટ્રસ્ટ બોર્ડ સમક્ષ તથા ચાર મહિનામાં મહાસમિતિ સમક્ષ મૂકાઈ જવો જોઈએ.

આમ થાય તો જ સંમેલનની તથા નવા બંધારણ પ્રમાણેના ટ્રસ્ટ બોર્ડ તથા મહાસમિતિ આદિની વ્યવસ્થા સમયસર થઈ શકે.

નવા બંધારણની વાત નીકળી છે તો એક સૂચન કરવાનું કે સમસ્ત મહાજન બધા મહાજનોનું વરિષ્ઠ મહાજન હોય એવી રીતે પરંપરાને ધ્યાનમાં લેતાં તેનું આજનું માળખું ઘડાયું છે.

જોકે દરેક સમુદાયે સમયની જરૂરત પ્રમાણે જૂનું માળખું અમુક અંશે લાભકારી હોવા છતાં સમય અનુસારની નવી સંસ્થાએ ઊભી કરવી પડે છે. તે જોતાં સમસ્ત મહાજન જ્ઞાતિની બધી જ સંસ્થાઓનું અસરકારક સંકલન સાધતી કેન્દ્રીય સંસ્થા હોય તે વધુ ઈચ્છનીય છે.

**- ચંદ્રસેન મોમાયા**

## પૂજ્ય યતિશ્રી પ્રાચીન મહાકાલી મંદિર નિરીક્ષણે પધાર્યા


યતિશ્રી મોતીસાગરજી મ.સા.

કચ્છ અબડાસા જ્યાં ગામો ગામ પ્રાચીન સુરા-સંતો, ઓલીયા-પીરો-સતીઓના સ્થાનો આવેલ છે, એવા ૫૦૦ થી વધુ વરસ પ્રાચીન મહાકાલી મંદિર કંટેશ્વર સ્થાને આવેલ છે. જે સ્થાન ઘડુલીથી શિયોત ગુનેરી પાસે માતાના મઢ જાગીરથી ૨૫ કિ.મી. જેટલે અંતરે છે, મેઘરાજ દાદાની જાગીર ખાપરા-કોપરાના પ્રાચીન સ્થાનની નજીક છે.

ભુકંપ બાદ મંદિરનું શિખર ક્ષતિગ્રસ્ત થયેલ જેને ઉતારી મહાકાલી દેવીની એકજ પા ફીટની સુથરી અબડાસામાં દેરાસરોમા છે તેવી સિંહ સવારી ત્રણ રૂપે દર્શન આપતી સિંદુર રંગે મૂર્તિ છે જેનો હાલ જિર્ણોધ્ધાર ચાલી રહેલ છે.

**પ્રકાશ સમીક્ષાના ચેક લખનારાઓને આગ્રહભરી વિનંતી કે બન્ને પક્ષે મુશ્કેલી ટાળવા ચેકો C.D.O. PRAKASH SAMIKSHA SAMITI નામે લખવા. એપ્રીલ ૨૦૧૫ થી રિઝર્વ બેંકની સુચના પ્રમાણે અમારી બેંક ખાતાના નામ સિવાયનાં નામનાં ચેક નહીં સ્વીકારે**

વિશાળ રંગમંડપ ગંભારો રાખેલ છે. ક્ષેત્રફળ વિશાળમાં મંદિર પરિસર છે. આજુબાજુ ભવ્ય નગરોના દટાયેલ અવશેષો જોઈ શકાય છે.

કિશોરભાઈ સાંયાની ભાવના અને ટ્રસ્ટીઓની વિનંતિને અનુલક્ષી પુજ્ય યતિશ્રી ભુજપુરથી ભુજ કિશોરભાઈ સાથે પાર્શ્વવલ્લભ દેરાસર અને બોંતેરાના દર્શન કરી માતાના મઢસ્થાને પધારતાં ત્યાં જાગીરના ટ્રસ્ટી રવિભાઈ, તેરાથી આવેલ પ્રવીણ દંડ, કંટેશ્વરના ટ્રસ્ટી લીલાધર અને પટેલે સ્વાગત કરેલ.

મા આશાપુરાના ભાવથી દર્શન કરી બે મોટરથી મહાકાલી મંદિરે પ્રસ્થાન કરેલ, જ્યાં અલૌકિક મૂર્તિના દર્શન તથા ચાલતા જીર્ણોધ્ધાર - ગંભારા, શિખર પરિકર પબાસર કળશ ધ્વજ દંડની ચર્ચા વિચારણા જાણકારી મેળવી યોગ્ય સૂચનો આપેલ.

જીર્ણોધ્ધાર તૈયારી થતા ખાડામાં રહેલ ભૂમિ સ્વયં ૫ ફીટ ઉપર આવી ગયેલ, જે હાલ રસ્તાથી પ્લીંથ ૩ ફીટમાંનું પબાસણું છે. આમ ઉત્થાપન વિના ભાવિકોની ભાવનારૂપ મૂર્તિ સ્વયં ઉપર આવતા આસપાસ વસ્તી નથી છતાં સ્થાન માટે ભાવિકોની દાન ગંગાથી મંદિર કાર્ય થઈ રહેલ છે. શ્રાવણમાં પ્રાયઃ અભિષેક હવન શુધ્ધિકરણ કળશ ધ્વજા ઉત્સવથી થવા ભાવના છે.

સામે ટેકરી પર એજ રીતે મહાદેવ મંદિર છે. ભુકંપમાં ધ્વંસ થતા મહાદેવ લીંગ અખંડ રહેલ, તેનો પણ ભવ્ય જીર્ણોધ્ધાર ચાલી રહેલ છે. તેની નજીક ભોજનાલય રસોડું અતિથિ રૂમો થયેલ છે. આવ-જા કરતા યાત્રિકોને સુવિધા મળે છે. ગંગોત્રી કુંડ છે જેમાં પાણી રહે છે. આવા પાવન સ્થાનો અબડાસામાં આવેલ છે. ભાવિકોને દર્શન લાભ લેવા ભલામણ છે. સ્થાનની વિશેષ જાણકારી ભુજ કિશોર સાયા, માતા મઢના ટ્રસ્ટી રવિભાઈ (ધીરજ સ્ટોર, તેરા) તથા પ્રવીણ દંડ પાસેથી મળી શકશે.

મહાકાલી સ્થાનથી પાછા માતા મઢ સ્થાને આવી યતિશ્રીએ મા આશાપુરા દેવીના દર્શન કરી પ્રસાદ બાદ તેરા જીરાવલ્લા તીર્થે દર્શન કરી ભુજથી ભુજપુર પ્રયાણ કર્યું.

આપણા કચ્છમાં પ્રાચીન જાગતા સ્થાનોનો મહિમા અપરંપાર છે. જય મહાકાલી માતા.

---

## ૧ લી મે ૨૦૧૫ થી (અંક નં. ૧૮ થી) જાહેરાતનાં દરો

**પ્રકાશ-સમીક્ષાના જાહેરાત દર**

| પ્રકાર | સાઈઝ | આર્ટ પેપર કલર | બ્લેક-વ્હાઈટ |
|---|---|---|---|
| આખું પાનું | 160 x 225 mm | 9,000/- | 5,000/- |
| અડધું પાનું | 160 x 111 mm | 5,000/- | 2700/- |
| પા પાનું | 77 x 111 mm | 3,000/- | 1500/- |
| ૧/૮ પાનુ | 77 x 54 mm | - | 800/- |
| ૧/૧૬ પાનું | 77 x 27 mm | - | 450/- |

**ચેક C.D.O. PRAKASH SAMIKSHA SAMITI ના નામે લખવા**

**સુચના :** જા.ખ. મેટર મોકલવા સાથે જા.ખ. બ્લેક/વ્હાઈટ છે કે કલર છે, જા. ખ. ની સાઈઝ, જા. ખ. નું બીલીંગ નામ-સરનામું અને જરૂરી પેમેન્ટ સાથે મોકલવું અત્યંત આવશ્યક છે.

વિશેષમાં નોંધ લેવા વિનંતી કે ઉક્ત દરો સર્વે માટે, મહાજન કે સંસ્થાઓ સહિત સમાન રહેશે. ફક્ત નીચેના સંજોગોમાં ડિસ્કાઉન્ટ અપાશે : ઓછામાં ઓછા પા પાનાની : ૧) દશ જાહેરાત આપનારને ૧૦% ડિસ્કાઉંટ ૨) પચ્ચીસ જાહેરાત આપનારને ૧૫% ડિસ્કાઉંટ ૩) બધા અંકોમાં જાહેરાત આપનારને ૨૦% ડિસ્કાઉંટ. આ ડિસ્કાઉંટનો લાભ મેળવા ઈચ્છુકોએ જાહેરાતની સંપૂર્ણ રકમ અગોતરી (એડવાન્સ) ચૂકવવાની રહેશે.

આ ઉપરાંત લવાજમમાં પણ પ્રેસ રજીસ્ટ્રારના દફતરે યોગ્ય વિધિ કર્યા પશ્ચાત વધારો થશે જે વાર્ષિક રૂા. ૨૦૦/- થશે.

**શ્રી વીરજી લધાભાઇ કચ્છી દશા ઓશવાલ જૈન વિદ્યાર્થીગૃહ**
**શ્રીમતી લક્ષ્મીબાઈ વીરજી લધાભાઇ ક.દ.ઓ.જૈન કન્યા છાત્રાલય**
**શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન શિક્ષણ પ્રસારક સમિતિ ટ્રસ્ટ**
**શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન સમાજ કેળવણી ઉત્કર્ષ ટ્રસ્ટ**
લક્ષ્મીનિવાસ, કામાલેન, ઘાટકોપર (વેસ્ટ), મુંબઈ - ૪૦૦ ૦૮૬ ફોન : 022 25133174 / 25100157

**આપણી શૈક્ષણિક સંસ્થાઓના નવા એડમીશન તથા લોન-સ્કોલરશીપ (વગર વ્યાજની લોન) અને ફી સહાયના ફોર્મસ આપવાની કાર્યવાહી બાબત :-**

**શ્રી વીરજી લધાભાઇ કચ્છી દશા ઓશવાલ જૈન વિદ્યાર્થીગૃહ-ઘાટકોપર**

**શાળા વિભાગ / કોલેજ વિભાગ** : અરજીપત્રક ભરવાની છેલ્લી તા: **૩૧ મે ૨૦૧૫;**
નોંધ તા. ૩૧-૫-૨૦૧૫ પછી ફોર્મ લેટફી સાથે જ સ્વીકારવામાં આવશે.
**શાળા વિભાગ (ધોરણ ૫ થી ૧૨) ઈન્ટરવ્યુ: તા. ૧૩-૬-૨૦૧૫** સવારે ૧૦.૩૦ વાગેથી (સાયન ખાતે)
**કોલેજ વિભાગ ઈન્ટરવ્યુ : તા. ૧૪-૬-૧૫** સવારે ૧૦.૩૦ વાગેથી (સાયન ખાતે)
૧લી જુન ૨૦૧૫ થી વિદ્યાર્થીગૃહનું પ્રથમ સત્ર શરૂ થશે તે પહેલાં અરજીપત્રક ભરવાના રહેશે. વિદ્યાર્થીગૃહમાં ધોરણ ૫ થી ૧૦ સુધીના છાત્રોને શાળા ફી, પાઠ્યપુસ્તક, તમામ સ્ટેશનરી, યુનિફોર્મ, કપડાની વધારાની બે જોડી, તેલ, સાબુ, મેડીકલ સારવાર, રહેવા જમવાની ફ્રી સવલતો આપવામાં આવે છે. ધોરણ ૧૧ અને ૧૨ ના છાત્રોને નિયમાનુસાર રહેવા, જમવાની ફ્રી સવલતો પ્રાપ્ય છે. ઉપરાંત તમામ છાત્રોને કોમ્પ્યુટર જ્ઞાન, ઈન્ટરનેટ, વ્યાયામ, રમતગમત, વિવિધ સ્થળે પ્રવાસ, ધાર્મિક શિક્ષણ, વાંચનાલય, પુસ્તકાલય વિવિધ બહોળા પ્રમાણમાં લાભો ઉપલબ્ધ છે.

**શ્રીમતી લક્ષ્મીબાઈ વીરજી લધાભાઇ ક.દ.ઓ. જૈન કન્યા છાત્રાલય**
૧૪૨, કૃષ્ણ કિરણ, ગારોડીયા નગર, ઘાટકોપર (પૂર્વ), મુંબઈ - ૪૦૦ ૦૭૭. ફોન : 25063449

**શાળા તથા કોલેજ વિભાગ** : (કે.ડી.ઓ. છાત્રાઓને નિશુ:લ્ક રહેવા - જમવાની સગવડ પ્રાપ્ત છે)
અરજીપત્રક ભરવાની છેલ્લી તારીખ : **૩૧ મે ૨૦૧૫**
(નોંધ : તા. ૩૧-૦૫-૨૦૧૫ પછી ફોર્મ લેટ ફી સાથે જ સ્વીકારવામાં આવશે.)
આરજીપત્રક મેળવવાનો તથા ભરીને પાછું આપવાનો સમય : બપોરનાં ૩.૦૦ થી સાંજના ૫.૦૦ દરમ્યાન
કે.ડી.ઓ જ્ઞાતિનો છાત્રાઓને ઈન્ટરવ્યુ આપવાની તારીખ : ૧૩ મી જુન ૨૦૧૫
સમય : જૂની છાત્રાઓ માટે ૧૦.૩૦ થી ૧.૦૦ નવી છાત્રાઓ માટે બપોરે ૨.૦૦ થી ૫.૦૦ કલાકે
ઘાટકોપર ખાતેના છાત્રાલયમાં ઈન્ટરવ્યુ સમયે માતા/પિતા અથવા જવાબદાર વાલી સાથે હાજર રહેવાનું રહેશે, ત્યારબાદ કન્યા છાત્રાલય શરૂ થતા અને રીજલ્ટ મળતા તેની ઝેરાક્ષ કોપી છાત્રાયલની ઓફિસમાં આપવાની રહેશે.

**શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન ભગિનીગૃહ (Working Women's Hostel)**
હોસ્ટેલ એડ્રેસ : ૨૬૩/૬૫ જુનુ અનંતભુવન, ૪ થા માળે, ભાત બજાર, નરશીનાથા સ્ટ્રીટ, મુંબઈ - ૪૦૦૦૦૯
કાર્યાલય એડ્રેસ : કન્યાછાત્રાલય, ગારોડીયા નગર (ઉપર મુજબ)
કેડીઓ જૈન તેમજ અન્ય જ્ઞાતીની સર્વિસ કરતી મહિલાઓને રહેવા અર્થેની સુવિધા

**શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન શિક્ષણ પ્રસારક સમિતિ ટ્રસ્ટ: (વીરજી લધાભાઇ ટ્રસ્ટ, મણી માણેક ચે.ટ્રસ્ટ, શ્રી રાયચંદ હંસરાજ ધરમશી ચે. ટ્રસ્ટ તથા શ્રી કે.ડી.ઓ. જૈન, મુંબઈ મહાજન )**
S.S.C. માં ૫૦% કે તેથી વધુ ગુણાંકે પાસ થયેલ કોલેજના વિદ્યાર્થી / વિદ્યાર્થીનોઓને હોસ્ટેલ ફી/ કોલેજ ફી માટે વગર વ્યાજે લોન / શિષ્યવૃતિ આપવામાં આવે છે.
ફોર્મ ભરવાની છેલ્લી **તારીખ ૩૦મી જુન ૨૦૧૫** છે. વધુ વિગત કાર્યાલયમાંથી મેળવી લેવી.

નોંધ :-પ્રત્યેક પરિણામની ઓરીજીનલ માર્કશીટ ઈન્ટરવ્યુ દરમ્યાન સાથે લાવવી
લોન અરજીફોર્મ નવા બનાવેલ છે. જુના અરજી ફોર્મ સ્વીકારાશે નહિ; નવા અરજીફોર્મ સંસ્થાની ઓફિસેથી મેળવી ભરવાના રહેશે.

**શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન સમાજ કેળવણી ઉત્કર્ષ ટ્રસ્ટ સંચાલિત**
**શ્રી કાનજી ભાણજી અને શ્રી દેવકાબાઇ કાનજી મોતા, તેરાવાલા શાળા ફી, પુસ્તક સહાય ફંડ**
(કે.જી. થી ધોરણ ૧૦ માટે શાળા ફી તથા પુસ્તક સહાય) ફોર્મ ભરવાની છેલ્લી તા. ૩૦ મી જૂન ૨૦૧૫ છે.
નોંધ : વાર્ષિક પરીક્ષામાં નાપાસ થનાર વિદ્યાર્થીએ અરજી કરવી નહિ.

**- જ્ઞાનદાન શ્રેષ્ઠદાન-**

## શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન સમાજ કેળવણી ઉત્કર્ષ ટ્રસ્ટ સંચાલિત
## શ્રી. કાનજી ભાણજી મોતા અને શ્રી દેવકાબાઈ કાનજી મોતા, તેરાવાલા દાતાઓ તરફથી
## એપ્રિલ - ૨૦૧૪ થી માર્ચ - ૨૦૧૫ સુધી મળેલ શાળા ફી - પુસ્તક સહાય ભેટ

| દાતાશ્રીનું નામ | રકમ | કુલ રકમ |
|---|---|---|
| **આરીખાણા** | | |
| ૧. માતુશ્રી લક્ષ્મીબાઈ વેલજી લોડાયા અરીઆણા / મુલુંડ | ૧૫૦૦૦ | ૧૫૦૦૦ |
| **બાચઠ** | | |
| ૧. ગુડ-વીલ વેરહાઉસીંગ પ્રા. લિ. | | ૧૦૦૦૦૦ |
| ૨. શ્રી હેમરાજ મેઘજી ગોસર-બાચક/ઘાટકોપર | ૫૦૦૦ | ૧૦૫૦૦૦ |
| **બાંઢીયા** | | |
| ૧. કે.ડી.ઓ. જૈન મિત્ર મંડળ, બાંડીયા | ૨૧૫૬૦ | ૨૧૫૬૦ |
| **ગોરખડી** | | |
| ૧. ચિ. વંશ અને ચિ. મોક્ષ ગિરિશ બાબુલાલ લોડાયા. ગોરખડી/માટુંગા | ૧૧૦૦૦ | ૧૧૦૦૦ |
| **ગોએરસમા / બારોઈ** | | |
| ૧. શ્રી. નવીનચંદ્ર હરશી વોરા હસ્તે શ્રી ભાવેશભાઈ વોરા (ગોએરસમા/બારોઈના વિદ્યાર્થીઓને શૈક્ષણિક સહાય માટે) | | ૧૨૨૦૮ |
| ૨. માતુશ્રી લક્ષ્મીબેન દામજી પોલડીયા, ગોએરેસમા / ફૈઝપુર | ૧૧૦૦૦ | |
| ૩. સ્વ. શ્રી. ચીમનલાલ મોમાયા. બારોઈ / સેંધવા - હસ્તે શ્રી લહેરચંદ મોમાયા અને શ્રી રાજેન્દ્ર મોમાયા | ૧૧૦૦૦ | |
| ૪. શ્રીમતી પુષ્પાબેન સી. ડાઘા- અમલનેર, ગોરેસમા / બારોઈગામના વિદ્યાર્થીઓને શૈક્ષણિક સહાય | ૫૦૦૦ | |
| ૫. શ્રી તેજશ દિનેશ ભવાનજી ગોસર (જૈન) બારોઈ / હૈદ્રાબાદ - | ૫૦૦૦ | ૪૪૨૦૮ |
| **જખૌ** | | |
| ૧. શ્રીમતી ઇંદુબેન હીરાચંદ આણંદજી વર્ધમાન હસ્તે શ્રી રાજીવ વર્ધમાન - જખો / હાજીઅલી - | ૫૦૦૦૦ | |
| ૨. અક્ષયપાત્ર - જખૌ | ૨૫૦૦૦ | |
| ૩. શ્રી મધુકાંત પદમશી ખોના, જખો / ઘાટકોપર | ૧૧૦૦૦ | |
| ૪. શ્રીમતી કાશ્મિરાબેન પરેશભાઈ નાગડા, જખો /મુલુંડ | ૧૧૦૦૦ | |
| ૫. શ્રી. રમેશભાઈ ભવાનજીભાઈ મૈશેરી, જખો / લોનાવલા | ૧૦૦૦૦ | |

| દાતાશ્રીનું નામ | રકમ | કુલ રકમ |
|---|---|---|
| ૬. શ્રી. નેણશીભાઈ લઘુભાઈ મહેશ્વરી, જખો / મુલુંડ | ૭૦૦૦ | ૧૧૪૦૦૦ |
| **લાલા** | | |
| ૧. શ્રી. નવીન હીરજી દંડ. લાલા/ વેરાવળ - લાલા | ૧૦૦૦૦ | ૧૦૦૦૦ |
| **મંજલ** | | |
| ૧. વિહાન પ્રતિક દંડ, અંધેરી - મંજલ | ૨૬૧૯૯ | ૨૬૧૯૯ |
| **સીંઘોડી મોટી** | | |
| ૧. શ્રી વસંતભાઈ મહેશ્વરી, મો. સિંઘોડી / ડોંબિવલી - | ૨૭૯૪૦ | ૨૭૯૪૦ |
| **પરજાઉ** | | |
| ૧. શ્રી. રૂપેશ મોતીચંદ ખોના, નલીયા/મુલુંડ - પરજાઉ ગામને દતક લઈ તેના વિદ્યાર્થીને શાળા ફી સહાય' | ૩૩૦૪૧ | ૩૩૦૪૧ |
| **નલીઆ** શેઠ નરશીનાથા ચેરીટી ટ્રસ્ટ ફંડ, મસ્જીદબંદર - નલીયા તથા અન્ય ગામના વિદ્યાર્થીઓને શાળા ફી | | |
| ૧. સહાય વર્ષ ૧૪.૧૫ | ૨૦૦૦૦૦ | |
| ૨. શ્રી. ગોપાલદાસ અરોરા, દિલ્હી હસ્તે શ્રી મોતીચંદભાઈ ખોના, મુલુંડ | ૨૫૦૦૦ | |
| ૩. શ્રી જીતેન્દ્ર દેવશી ભાણજી ખોના, નલીયા / કોઈમ્બતુર | ૧૫૦૦૦ | |
| ૪. માતુશ્રી રમીલાબેન જયચંદભાઈ નાગડા, નલીયા/મુલુડ હસ્તે શ્રી રોપીનભાઈ નાગડા | ૧૫૦૦૦ | |
| ૫. માતુશ્રી સરલાબેન લક્ષ્મીચંદભાઈ નાગડા, નલીયા હસ્તે શ્રી સમીરભાઈ નાગડા, | ૧૧૦૦૦ | |
| ૬. શ્રીમતી સરલાબેન વીરચંદ લાલજી ખોના, હસ્તે શ્રી વીરચંદ લાલજી ખોના,મુલુંડ | ૧૧૦૦૦ | |
| ૭. શ્રી. નરશી શામજી ધરમશી, નલીયા/મુલુંડ | ૧૦૦૦૦ | |
| ૮. માતુશ્રી હીરાબેન જયચંદ નાગડા, નલીયા / માટુંગા | ૭૫૦૦ | |
| ૯. શ્રી ગીરીશભાઈ ગોવિંદભાઈ મોમાયા. નલીયા / બાંદ્રા - નલીયા | ૫૦૦૦ | |
| ૧૦.શ્રી. મયંકભાઈ ગોવિંદભાઈ મોમાયા. નલીયા / બાંદ્રા - નલીયા | ૫૦૦૦ | ૩૦૪૫૦૦ |

| દાતાશ્રીનું નામ | રકમ | કુલ રકમ |
|---|---|---|
| **નાગ્રેચા** | | |
| શ્રી. રુપેશ મોતીચંદ ખોના, નલીયા/મુલુંડ - નાગ્રેચા ગામને દતક લઈ તેના વિદ્યાર્થીને શાળા | ૪૦૫૯ | |
| ૧. ફી સહાય' ૪૦૫૯ | | |
| **સાંધાણ** | | |
| ૧. શ્રી. કચ્છ સાંધાણ શાંતિનાથજી જૈન દેરાસરજી એન્ડ સાધારણ ફંડ ટ્રસ્ટ ફંડ | ૧૦૦૦૦ | |
| ૨. શ્રીમતી વીણાબેન પ્રવિણભાઈ લોડાયા-સાયન-કોલીવાડા/વંડીમોટી હસ્તે શ્રીમતી ખમાબાઈ ડાહ્યાભાઈ ખીમજી ધુલ્લા, | ૧૦૦૦૦ | |
| ૩. શ્રીમતી ભારતીબેન તિલકભાઈ લોડાયા -સાયન-કોલીવાડા/સાયરા, હસ્તે શ્રીમતી ખમાબાઈ ડાહ્યાભાઈ ખીમજી ધુલ્લા, | ૧૦૦૦૦ | |
| ૪. શ્રીમતી સાધનાબેન ડાહ્યાભાઈ ધુલ્લા -વડાલા / સાંધાણ, હસ્તે શ્રીમતી ખમાબાઈ ડાહ્યાભાઈ ખીમજી ધુલ્લા, | ૧૦૦૦૦ | |
| ૫. શ્રીમતી લીનાબેન નાયર ઈંડુસ, અંધેરી - હસ્તે શ્રીમતી ખમાબાઈ ડાહ્યાભાઈ ખીમજી ધુલ્લા, | ૧૦૦૦૦ | |
| ૬. શ્રી. ધીરેનભાઈ ડાહ્યાભાઈ ધુલ્લા-વડાલા / સાંધાણ - હસ્તે શ્રીમતી ખમાબાઈ ડાહ્યાભાઈ ખીમજી ધુલ્લા, | ૧૦૦૦૦ | ૬૦૦૦૦ |
| **સાંધવ** | | |
| ૧. મણીમાણેક ચેરીટેબલ ટ્રસ્ટ- હસ્તે શ્રી ચાંપશીભાઈ માણેકજી લોડાયા, | ૬૮૪૯૦ | ૬૮૪૬૦ |
| **સાંયરા** | | |
| ૧. શ્રી. કચ્છી દશા ઓશવાલ સાયરા જૈન મહાજન, | ૧૭૯૦૦ | |
| ૨ શ્રી ચેતકભાઈ મોમાયા, રાયપુર-સાયરા | ૧૧૦૦૦ | ૨૮૯૦૦ |
| **તેરા** | | |
| ૧. જીરાવલ્લા પાર્શ્વનાથજી જૈન દેરાસર ટ્રસ્ટ - તેરા - | ૩૦૦૦૦ | ૩૦૦૦૦ |

**જ્ઞાન દાનથી દિવામાંથી દીવો... અને તેમાંથી અનેક દીવા પ્રગટતા રહે છે. માટેજ જ્ઞાન દાનને સર્વશ્રેષ્ઠ અને સૌથી મોટું દાન કહ્યું છે.**

## જનરલ ફંડ

| દાતાશ્રીનું નામ | રકમ | કુલ રકમ |
|---|---|---|
| ૧. શ્રી. અનંતનાથજી મહારાજ જૈન દેરાસર અને યતેના સાધારણ ફંડસ, મસ્જિદ બંદર | | ૫૦૦૦૦૦ |
| ૨. સ્વ. કુમારી હંસાબેન રતનશી લોડાયા, અમલનેર /કોઠારાના સ્મરણાર્થ હસ્તે શ્રીમતી દેવીકાબેન સોમચંદ લાલકા, અમલનેર | | ૨૦૦૦૦૦ |
| ૩ ખીમજી કુંવરજી ટ્રસ્ટ | | ૬૦૦૦૦ |
| ૪. માતુશ્રી ભમલ બાઈ પદમશી જૈન (પીર) સુથરી / ડોંબીવલી હસ્તે શ્રી વસંતભાઈ પદમશી જૈન (પીર) અને શ્રી કુલીનકાંતભાઈ પદમશી જૈન (પીર) | | ૫૧૦૦૦ |
| ૫. ડો. વાસંતીબેન હીરજી ખોના હસ્તે માતુશ્રી જેઠીબાઈ હીરજી ખોના | | ૫૧૦૦૦ |
| ૬. માતુશ્રી ધનબાઈ પ્રેમજી શાહ, મો. સીધોંડી / સાયન | | ૪૧૦૦૦ |
| ૭. પી.પી. ઓઈલ પ્રા. લિ. હસ્તે શ્રી પ્રતાપભાઈ એન. શાહ-કોઠારા /મુલુંડ | | ૨૫૦૦૦ |
| ૮. શ્રી. ગોવિંદજી જીવરાજ લોડાયા, સાયન/કોઠારા- હસ્તે શ્રી મુકેશભાઈ જી. લોડાયા | | ૨૫૦૦૦ |
| ૯. સ્વ. શ્રીમતી નવલબાઈ વીરચંદ મોમાયા - હસ્તે શ્રી શ્રેણિકભાઈ વીરચંદ મોમાયા | | ૨૧૦૦૦ |
| ૧૦.શ્રી યશોધન રાયચંદ કારાણી હસ્તે શ્રી રાયચંદ રતનશી કારાણી પરિવાર -સુથરી / મુલુંડ | | ૨૦૦૦૦ |
| ૧૧.શ્રી દિપક રાયચંદ કારાણી હસ્તે શ્રી રાયચંદ રતનશી કારાણી પરિવાર - સુથરી / મુલુંડ | | ૨૦૦૦૦ |
| ૧૨.નમન ટ્રાવેલ્સ, હસ્તે શ્રી મનીષભાઈ ખોના | | ૧૫૦૦૦ |
| ૧૩.શ્રી. ધીરેન્દ્ર આણંદજી ખોના ચેરીટેબલ મેમોરીયલ ટ્રસ્ટ હસ્તે શ્રી લહેરચંદભાઈ ખોના -ગાંધીધામ | | ૧૫૦૦૦ |
| ૧૪. કેપીટલ રોકલાઈન્સ, હસ્તે શ્રી તીલકભાઈ, કોઠારા/મુંલુંડ | | ૧૫૦૦૦ |

| દાતાશ્રીનું નામ | રકમ |
|---|---|
| ૧૫.માતુશ્રી જયાબેન ભવાનજીભાઈ લોડાયા નલીયા/માણાવદર હસ્તેઃ શ્રી કમલેશભાઈ ભવાનજીભાઈ લોડાયા | ૧૧૧૧૧ |
| ૧૬. એક સદ્‌ગૃહસ્થ | ૧૧૦૦૦ |
| ૧૭. શ્રી લક્ષ્મીચંદભાઈ ધારશીભાઈ મોતા, લખાણીયા / માટુંગા | ૧૧૦૦૦ |
| ૧૮.શ્રી મહેશભાઈ રાયચંદભાઈ નરશી ધ્રોળ, સાંયરા | ૧૧૦૦૦ |
| ૧૯. શ્રી કાંતીલાલ કે. વિકમશી એચ.યુ. એફ. હસ્તે શ્રી કાંતીલાલભાઈ | ૧૧૦૦૦ |
| ૨૦.શ્રીમતી સરલાબેન જયચંદ નરશી લોડાયા- નલીયા / ચેંબુર | ૧૧૦૦૦ |
| ૨૧ શ્રી શામજીભાઈ નરશીભાઈ દંડ, સાંધવ | ૧૧૦૦૦ |
| ૨૨.શ્રી પાર્શ્વનાથ કોર્પોરેશન, પોલાચી, હસ્તે શ્રી મધુકાંત આર. નાગડા | ૧૧૦૦૦ |
| ૨૩.માતુશ્રી પ્રેમાબાઈ લાલજી અજાણી- કોઠારા / મુલુંડ | ૧૧૦૦૦ |
| ૨૪.માતુશ્રી લીલાવંતબેન મુલચંદ લોડાયા, નલીયા / થાણા | ૧૧૦૦૦ |
| ૨૫.શ્રી મણીકાંતભાઈ મેઘજીભાઈ મોમાયા -વરાડીયા / હૈદ્રાબાદ | ૧૦૦૦૦ |
| ૨૬.શ્રીમતી લતાબેન મણીકાંતભાઈ મોમાયા -વરાડીયા / હૈદ્રાબાદ | ૧૦૦૦૦ |
| ૨૭.શ્રી. હેમાંગભાઈ મણીકાંતભાઈ મોમાયા -વરાડીયા / હૈદ્રાબાદ | ૧૦૦૦૦ |
| ૨૮.શ્રી ગૌરવભાઈ મણીકાંતભાઈ મોમાયા -વરાડીયા / હૈદ્રાબાદ | ૧૦૦૦૦ |
| ૨૯. હર્ષિતાબેન મણીકાંતભાઈ મોમાયા -વરાડીયા / હૈદ્રાબાદ | ૧૦૦૦૦ |
| ૩૦.ચિ. આકાશ શૈલેશ મૈશેરી નલીયા/ વડાલા | ૧૦૦૦૦ |
| ૩૧.શ્રી. કચ્છી દશા ઓસવાલ જૈન જસાપુર મહાજન - મિત નિલેશ ધરમશીને ચુકવેલ ફીસ રીફંડ પેટે | ૬૪૦૦ |
| ૩૨.પ.પૂ. બાપૂસાહેબ મિતકર હસ્તે શ્રી ઉમરશી મેપાણી પરિવાર, વડાલા | ૫૫૫૧ |
| ૩૩.શ્રી રુપેશ મોતીચંદ ખોના, નલીયા/મુલુંડ-હાવેરિ, કર્ણાટક ગામના વિદ્યાર્થીને શાળા ફી સહાય' | ૫૫૦૦ |
| ૩૪.સ્વ. લતા ભરત મહેશ્વરીના સ્મરણાર્થે ) હસ્તે અર્ચના વિશાલ ભરત મહેશ્વરી- જખો / ઘાટકોપર | ૫૦૦૦ |

| દાતાશ્રીનું નામ | રકમ |
|---|---|
| ૩૫.વિજયાલક્ષ્મી ટાંસપોર્ટ, હસ્તે શ્રી કિરણભાઈ લાપસીયા | ૫૦૦૦ |
| ૩૬.શ્રી દામજી નરસી સોની, વાંકુ / મુલુંડ | ૫૦૦૦ |
| ૩૭.શ્રી. કે. એલ. સોની વાંકુ / મુલુંડ | ૫૦૦૦ |
| ૩૮.શ્રી. કૌશિક સાવલા - ભાંડુપ / રાંઘણજર | ૫૦૦૦ |
| ૩૯.શ્રી. નિલેશ લોડાયા તેરા / ઘાટકોપર | ૫૦૦૦ |
| ૪૦.શ્રી પ્રામાણિક ધ્રોળ - કોઠારા / મુલુંડ | ૫૦૦૦ |
| ૪૧.શ્રી. રમાકાંત ખોના વિકોલી / જખો | ૫૦૦૦ |
| ૪૨.શ્રી રાયચંદ દેવશીભાઈ જીવાણી, ડોંબિવલી/જખો - ડોંબિવલીના વિદ્યાર્થીઓને ફી સહાય | ૫૦૦૦ |
| ૪૩. માતુશ્રી રતનબેન કે. મોતા | ૫૦૦૦ |
| ૪૪. શ્રી. હરીશભાઈ શાહ | ૫૦૦૦ |
| ૪૫. શ્રી. રતીલાલ બી. લાપસીયા | ૫૦૦૦ |
| ૪૬. શ્રી. શાંતિલાલ શાહ | ૫૦૦૦ |
| ૪૭. ટીકીટાર ઇન્ડસ્ટ્રી લિ. | ૫૦૦૦ |
| ૪૮. અ.સૌ. નીના નિતીન રાયચંદ સાયલા, સુથરી / ડોંબિવલી - લગ્નની વર્ષગાંઠ નિમિતે | ૫૦૦૦ |
| ૪૯. પૂ. બેન ગં. સ્વ. રતનબાઈ રાઘવજી મોમાયા વરાડીયા/ડોંબીવલી - હસ્તે ચિત્રા પદમ લાલજી લોડાયા-પ્રથમ પુણ્યતિથી નિમિતે | ૫૦૦૦ |
| ૫૦.શ્રી. મુકેશભાઈ ભવાનજી મૈશેરી/ નાની સિંઘોડી / ડોંબીવલી | ૫૦૦૦ |
| ૫૧.શ્રી. હીરાચંદ સાયલા - સુથરી / ડોંબીવલી | ૫૦૦૦ |
| ૫૨.શ્રીમતી લીલાવંતબેન રાયચંદભાઈ ધ્રોળ-ડોંબિવલી | |


❒ સુથરી ગામના વિદ્યાર્થીઓને રૂ. ૧,૭૬,૦૫૨/- ફી સહાય શ્રી પદમશી લઘુભાઈ સોની (જુહુ) એ ચેક દ્વારા ચુકવેલ છે.

❒ ડોનેશન મેળવવામાં **શ્રી મોતીચંદભાઈ લાલજી ખોના,** નલીયા / મુલુંડના સિંહફાળો છે; સંસ્થાના અધિકારીઓ તેમની ભૂરી ભૂરી અનુમોદના કરે છે.

- મહાજનો અને દાતાઓને ફરી અપીલ કરીએ છીએ કે સંસ્થા તેની શૈક્ષણિક પ્રવૃતિ સરળતાથી પૂરું કરી શકે તે હેતુ સાથે આપશ્રી સંસ્થાને ડોનેશન મોકલાવી સહાય કરતા રહેશો.
- સંસ્થા પ્રત્યે આજ રીતે સ્નેહ ભરેલું ઝરણું આપ સર્વે તરફથી સતત વહેતું રહે તેવી આજના દિને શુભેચ્છા. આ બદલ આપશ્રી દાતાઓને ખૂબ ખુબ આભાર અને ઋણ સ્વીકાર.


**લિ. સંસ્થાના ટ્રસ્ટીઓ તથા અધિકારીઓ**

Registered by : Animal Welfare Board of India, Madras. Reg. No. 10/115/1993 A.W.O. Dtd. 16-12-1993



# શ્રી જખૌ પાંજરાપોળ ટ્રસ્ટ

મુ. જખૌ, તા. અબડાસા (કચ્છ) - ૩૭૦ ૬૪૦. ફોન : ૦૨૮૩૧-૨૮૭ ૨૩૯



## જીવદયા સહાયતા માટે વિનંતી

ગત વર્ષનું ચોમાસું નિષ્ફળ જવાથી કચ્છ પ્રદેશ અને વિશેષ અબડાસા પ્રદેશમાં દુષ્કાળની પરિસ્થિત છે. ઘાસચારા અને પાણીની કારમી તંગી છે. સીમમાં ઘાસનું તણખલું નજરે પડતું નથી. કુવા, તળાવ સુકાઈ ગયા છે. **મુંગા અબોલ પ્રાણીઓ ઢોર ઢાંખરની ખૂબ જ કરૂણ હાલત છે. સરકાર દ્વારા સહાયતા શરૂ થઈ ગઈ છે. પણ વર્તમાન પરિસ્થિતિમાં તે અપૂરતી છે.**

શ્રી જખૌ પાંજરાપોળ વર્ષોથી મુંગા, અબોલ, નિરાધાર, વૃધ્ધ ઢોરોનો નિભાવ કરે છે. હાલમાં ૧૧૮ નાના મોટા ઢોર, ગાય, ભેંસ, વાછડા, પાડા આદિનો નિભાવ થઈ રહ્યો છે. અછત અને કારમી મોંઘવારીના કારણે દરરોજનો અંદાજે રૂા. ૧૦,૦૦૦ (દસ હજાર) જેટલો ખર્ચ છે જે હજુ વધવાનો સંભવ છે. વરસાદ થયા બાદ પરિસ્થિતિ સુધરશે પરંતુ ત્યાં સુધી ખૂબ કપરો સમય છે.

જીવદયા પ્રેમી, ઉદાર, સખી, દિલેર દાતાઓને તથા સંઘો, સંસ્થાઓને આ ભગીરથ કાર્યમાં અમને સહાય કરવા હાર્દિક વિનંતી. જાણ કરવાથી આપને ત્યાંથી ફાળો એકત્ર કરાવી લેશું.

લી. ટ્રસ્ટ બોર્ડ : **શ્રી મહેન્દ્ર દેવજી ખોના**, મેનેજીંગ ટ્રસ્ટી - થાણા ૦૯૩૨૩૯ ૧૭૦૭૫, **શ્રી ભરત મુલજી મૈશેરી**, મુલુંડ - ૦૯૮૨૦૦ ૫૮૦૪૮, **શ્રી કિશોર ખીમજી (કાયાણી) ખોના**, મુલુંડ - ૦૯૯૨૦૧ ૯૫૫૫૧, **શ્રી નવિનચંદ્ર વેલજી સોની**, ગાંધીધામ - ૦૯૩૨૮૨ ૩૧૯૬૧, **શ્રી અશોકકુમાર ગોવિંદજી મૈશેરી**, જખૌ - ૦૯૦૯૯૦ ૫૨૭૧૪, **શ્રી ભીખાલાલ ઝવેરચંદ શાહ**, ગાંધીધામ - ૦૯૯૭૯૨ ૮૨૩૬૫, **શ્રીમતી અમિતા તિલકચંદ મોમાયા**, જખૌ - ડોંબિવલી - ૦૯૮૧૯૧ ૮૧૭૯૦. સલાહકાર **શ્રી લબ્ધિકુમાર ભવાનજી મોમાયા**, ગાંધીધામ - ૦૯૮૨૫૩ ૫૧૦૦૧. **મુંબઈ સંપર્કઃ શ્રી કિશોર ખીમજી (કાયાણી) ખોના** એ/૧૩, ફ્લેટ નં. ૧૦, અપૂર્વ એપાર્ટમેન્ટ, ગોવર્ધન નગર, એલ.બી.એસ. માર્ગ, મુલુંડ (વેસ્ટ). મો.: ૦૯૯૨૦૧ ૯૫૫૫૧

## તા. ૧-૩-૨૦૧૫ થી રૂા. ૫,૦૦૦ કે તેથી વધુ રકમના દાતાની યાદી

| | |
|---|---|
| ★ રૂા. ૧,૦૦,૦૦૦ | શેઠશ્રી લક્ષ્મીચંદ ધારશી મોતા, લાખણીયા - વડાલા |
| ★ રૂા. ૩૩,૫૬૦ | શેઠશ્રી કિરણ ચાંપશી પાલાણી, કોઠારા - ચૂનાભટ્ટી |
| ★ રૂા. ૨૧,૦૦૦ | શ્રી છત્તીસગઢ કચ્છી જૈન સંઘ, રાયપુર |
| ★ રૂા. ૨૦,૦૦૦ | ચિ. જીગર ભરત મૈશેરી - જખૌ,<br>માતુશ્રી વીરબાઈ ત્રીકમજી મૈશેરી, શ્રી પદમશી માણેકજી મૈશેરી |
| ★ રૂા. ૧૫,૪૦૦ | શ્રી ભલારાદાદા ૨૭મી પહેડીના ભાવિકો |
| ★ રૂા. ૧૧,૦૦૦ | શ્રીમતી શાંતિબાઈ કિશોરચંદ્ર વર્ધન, ઘાટકોપર |
| ★ રૂા. ૧૧,૦૦૦ | શ્રી ડોંબીવલી અચલગચ્છ જૈન સંઘ, ડોંબીવલી |
| ★ રૂા. ૧૦,૦૦૦ | શ્રી અચલગચ્છ જૈન સંઘ, કોઈમ્બતુર |
| ★ રૂા. ૧૦,૦૦૦ | શ્રી સહસ્ત્રફણા પાર્શ્વનાથ જૈન દેરાસર, માટુંગા |
| ★ રૂા. ૫,૫૦૦ | શ્રી સચ્ચાઈ મા લોડાયા પરિવાર |
| ★ રૂા. ૫,૦૦૦ | શ્રી તિલક ઊમરશી ખેતશી નાગડા, નલીયા |
| ★ રૂા. ૫,૦૦૦ | સ્વ. શ્રી વિજય આણંદજી નાગડા હસ્તે મધુબેન વિજય નાગડા, જખૌ - ભાંડુપ |
| ★ US$ ૧૧૦૦ | જૈન સેન્ટર ઑફ અમેરીકા |

# હે વતન તેરે લીયે

## વર્ષોના ઈન્તજાર પછી વહાલા વતનના વેગવંતા વિકાસ સાથે...

## ઉગ્યો સોનાનો સુરજ... પ્રગતિનો માં ભોમ કચ્છ ધરામાં

માદરેવતન કચ્છ પ્રથમ સમુન્દ્રનું વિશાળ તટ ધરાવતો એશીયા ખંડમાં વિશાળ ખનીજથી ભરેલ ભુમાર્ગે જમીન હિસાબે સૌથી મોટો જીલ્લો છેલ્લા સાત/આઠ દાયકાથી પાછળ - વસ્તીહીન થવા લાગેલ. ભુકંપની કારમી થપાટ પછી ભારત રત્ન તે વખતના વડાપ્રધાન શ્રી અટલબિહારી બાજપાઈએ ટેક્ષ હોલીડેની જાહેરાત સાથે ગરવી ગુજરાત રાજ્યના પનોતા પુત્ર શ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબની નિગરાની હેઠળ હાલે શ્રીમતી આનંદીબેન પટેલ તથા તેમની સક્રિય ટીમ થકી

## વર્ષોથી આભ સામે જોઈ ટળવળતા વતનમાં

## તા. ૧૮-૦૪-૨૦૧૫ થી સિંચાઈ ક્ષેત્રે માં નર્મદાજી ની પધરામણી

હવે વતનના કિસાનોને આભ સામે ઊંચે નહીં જોવું પડે.... નીચે ક્યારામાં દષ્ટી રાખી પાણી ક્યાં વાળવાની સરાહના રહેશે ખેતરોમાં... અપાર ખનિજ સંપત્તિ, રીફાઈનરી, એલ્યુમીનીયમ ઉત્પાદન ક્ષેત્રે દિન-પ્રતિદિન આગળ વિકાસ જારી રાખતા છેક તુણા બંદરથી મુંદ્રા બંદર સુધીનો વિશાળ સમુદ્ર કાંઠો સજ્જ કરતા યુવા ઉદ્યોગપતિ ગૌતમભાઈ અદાણી (મુંદ્રા પોર્ટ), ૧૦ ટ્રેક નેશનલ હાઈવે, સમૃધ્ધ ખેતી માટે મુંદ્રાને વધુ જળ ફાળવણી, હોટલ ઉદ્યોગ, ટુરીસ્ટ ઉદ્યોગ, ગેરેજ, કૃષિ, વાણિજ્ય, દુધ ઉત્પાદનમાં વિશ્વમાં નં. ૧.

યુવાઓને સંપૂર્ણ સલામત રોજગારીની તકો સાંપડેલ હોઈ પ્રવાસ ક્ષેત્રે પાઈપ-સ્ટીલ-લાકડાના ઉદ્યોગ હવે એલ્યુમિનીયમ પ્રોજેક્ટ તથા રિફાઈનરી ક્ષેત્રે અવ્વલ થાય છે.

ડિસેમ્બર ૨૦૧૫ સુધી કચ્છને ટાટા - અદાણી પાવર પ્રોજેક્ટ વીજ ક્ષેત્રે વિશ્વમાં નં. ૧ બનાવશે. ૭ થી ૮ લાખ માનવ વસ્તીને વધુ રોજગારી, પ્રવાસ, ટ્રાંસપોર્ટ, ગોડાઉન, વેરહાઉસ તેમજ અન્ય અસંખ્ય રોજગાર આજિવિકાની તકો ઉપલબ્ધ થાય છે. તો રૂબરૂ આપના સ્વ નજરે આ હકારાત્મક પરિવર્તન નિહાળી વતનની વિકાસ યાત્રાના સહભાગી બનો.....

હવે આપ જ વિચારો કચ્છનો વિકાસ નજદીકના ભવિષ્યમાં ડેવલપમેન્ટ - જલ પ્રશ્ન, વીજ પ્રશ્ન, દેશને દિશા આપશે ત્યારે આપણા વતનમાં નાનાં રોકાણથી વિપુલ ફાયદો.


## સાથે ખેતર નહીં પણ ખોરડું સહી, આવો

## અમારો સંપુર્ણ સાથ, સહકાર, માર્ગદર્શન આપની સાથે હશે.

**રણ ઉત્સવ.... નમક ક્ષેત્રે આજે વિશ્વમાં આપણે પણ**

**વહાલસોયા વતનનું સ્થાન પ્રસ્થાપિત કરીએ... કચ્છ નહીં તો કુછ નહીં... આપનો સાથ વતનનો વિકાસ**

**મુંદ્રા પોર્ટ આસપાસના તાલુકાના ગામો જે ટુંક સમયમાં બનશે શહેરો - મહા સિટી... મૂડી રોકવાનો શ્રેષ્ઠ ચાન્સ...**

## શ્રી ભલારા દાદા એસ્ટેટ એજન્સી ગ્રુપ (પરિવાર) ગાંધીધામ આપની સાથે છે.

લબ્ધિ મોમાયા - 98253 51001	સ્વરાજ મોમાયા - 97122 04390
કાન્તીલાલ લાલકા - 93770 88890	હર્ષદ શાહ - 98252 63287

## મુંબઈ મહાજનશ્રીના સહયોગે કે.ડી.ઓ. આઈ.ટી. ગ્લોબલ સમીટ યોજાશે

આગામી ૨૬ અને ૨૭ ડિસેમ્બર ૨૦૧૫ના નવી મુંબઈમાં જ્ઞાતિના આઈ.ટી. ક્ષેત્રે પ્રવૃત્ત યુવક-યુવતીઓ સહિત તમામ જ્ઞાતિજનોની શિખર પરિષદ યોજવા ચક્રો ગતિમાન થયા છે જેમાં ચેન્નઈ, બેંગ્લોર અને હૈદ્રાબાદના મહાજનો ઉપરાંત કે.ડી.ઓ. જૈન વેલ્ફેર ટ્રસ્ટ, પુનાએ કરેલ પ્રારંભિક કાર્યવાહી પશ્ચાત મુંબઈ મહાજનનો સહકાર મેળવવા કરાયેલ વિનંતિને અનુલક્ષીને મુંબઈ મહાજનના પ્રમુખશ્રી કલ્પેશ માણેકજી મોતાએ મુંબઈ મહાજન પણ આ આયોજનમાં મુખ્ય મેજબાન હશે તેની સંમતિ દર્શાવી છે.

## શ્રી હિતેશ માણેકજી મોતા દ્વારા અબોલ પ્રાણીઓ પરત્વે અનુકંપા

ગોવંશ હત્યાના વિરોધમાં અને પ્રાણી કલ્યાણ માટે કાર્ય કરતા કાર્યકરોને, કેન્દ્રમાં મહિલા અને બાળ કલ્યાણ ખાતાના પ્રધાન મનેકા ગાંધી દ્વારા માર્ગદર્શન આપવાનો એક કાર્યક્રમ અખિલ ભારતીય કૃષિ ગોસેવા સંઘ, શ્રી વર્ધમાન પરિવાર અને વિધિ પરિવાર ટ્રસ્ટના સંયુક્ત ઉપક્રમે મુંબઈમાં શનિવાર તા. ૨ મે ૨૦૧૫ના યોજાયો હતો જેમાં જ્ઞાતિ અગ્રણી શ્રી હિતેશ માણેકજી મોતા અગ્રિમપણે સહભાગી થયા હતા. એમની સાથે અતુલ શાહ, ડૉ. વલ્લભભાઈ કથીરિયા, ડૉ. મનીષ સિંઘવી, મનસુખભાઈ સુવાગિયા, કેશરીચંદ ખોના અને નેમિલ કાપડિયાએ પણ સહકાર્ય કર્યું હતું.



**વિદેશ ગમન**
**હાર્દિક અભિનંદન**

**ચિ. હેનિલ કિશોર ગોસર**

બારોઈ - પૂના
(૧૨ મે ૧૯૮૯)

ટૂંક સમય માટે Ignify Software Co. તરફથી જાપાન ગયા છે.

**દાદાણા** : ભવાનજી ભીમસી ગોસર પરિવાર (બારોઈ)
**નાનાણા** : માતુશ્રી હિરબાઈ હંસરાજ ધરમશી (બરોડા)
**માતા** : કુમુદ કિશોર ગોસર (પૂના)

**સંપર્ક : ૯૪૨૨૨૧૫૭૦૭**


**શ્રી ભલારા દાદા એસ્ટેટ એજન્સી ગ્રુપ (પરિવાર) ગાંધીધામ (કચ્છ)** લબ્ધિ મોમાયા - 098253 51001

- **આપણા વાંકી તિર્થ સામે મુંદ્રાની સનસીટી – ૧ અને સનસીટી ૨ સર્વે નં. ૨૮૭ – ૨૯૭–૨૯૬ માં ૫૦ ટકા જેટલા માનદ્ સભ્યોના દસ્તાવેજો રજિસ્ટર કરી અપાયા છે. હવે સર્વે નં. ૨૮૯ માં ચલણ ભરાઈ જતાં તે એન.એ. થયેલ છે. તેનાં પ્લોટોના દસ્તાવેજ હવેથી શરૂ કરશું. જે સર્વે નં. ૨૮૭, ૨૯૭ અને ૨૯૬ ના સાટા કરાર થયેલ હોય તેમણે વ્યવહાર ક્લીયર કરી, દસ્તાવેજ ખર્ચના રૂા. ૪,૫૦૦/– ભરી તુરંત દસ્તાવેજો બનાવી લેવા નમ્ર વિનંતી છે.**
- **મુંદ્રા બંદર પોર્ટથી ફક્ત ૧૭ કિ.મી. જેટલા અંતરે સંપુર્ણ વસ્તીમાં મેન રોડ ટચ, ૯૦ ચો.વારના મેટલ રોડ, ગટર, લાઈટ, પાણી વિગેરેની સુવિધા સાથેના પ્લોટો તુરંત દસ્તાવેજવાળા ફક્ત રૂા. ૧૫૫૦/– પ્રતિવારે ઉપલબ્ધ છે. વિકાસ જોઈને આજેજ મંદીનો લાભ લઈ, બુક કરાવો. આવતી કાલના વિકાસ સાથે તાલ મિલાવો.**
- **મુંદ્રાથી ફક્ત ૧૨.૫ કિ.મી. દુર રતાડિયા ગણેશવાલા હાઈવે રોડ ટચ, સંપૂર્ણ વસ્તીમાં ૯૦ ચો. વાર ના એન.એ. થયેલ સરકારી કામકાજ પુર્ણ કરેલ કારપેટ એરિયા ૮૧૦ ચો. ફુટનો પ્લોટ. ટાઈટલ ક્લીયર, મેટલ રોડ, ગટર, પાણી લાઈટની સુવિધાથી સજ્જ પ્રતિવાર ફક્ત રૂા. ૧૫૫૦/– + રૂા. ૩,૦૦૦/– રજીસ્ટ્રેશન દસ્તાવેજ ખર્ચ. ફક્ત ૨૬૦ પ્લોટો માનવ વસ્તીની વચ્ચે જે ટુંકમાં મેગા સિટી બનશે એવા એરિયામાં.**
- **૮૦ ચો. વાર ના કારપેટ એરિયાવાળા પ્લોટ. રતાડીયા – વિરાણી રોડ પર, મુંદ્રા પોર્ટથી ૧૪ કિ.મી. દૂર... ફક્ત ૩૦/૩૫ પ્લોટ. ૫૦% + ૫૦% પેમેન્ટ હિસાબે. ફક્ત રૂા. ૭૫૦૦૦ + રૂા. ૪૫૦૦ દસ્તાવેજ ખર્ચ અલગથી વિશાળ ટાઉનશિપ એરિયા.**
- **વાંકી તિર્થની સામે, મેન રોડ ટચ ૧૦૦ ચો. વારના ૫૦% + ૫૦% પેમેન્ટ હિસાબે. ૩૫–૪૦ પ્લોટો**
- **વાંકી તિર્થની સામે ફક્ત રૂા. ૬૬૦૦૦ + રૂા. ૪૫૦૦ દસ્તાવેજ ખર્ચ ફક્ત રહેઠાણ હેતુ માટે (મોટી વિશાળ ટાઉનશીપ એરિયા)**

**આપનો સાથ વતનનો વિકાસ. મુંદ્રા પોર્ટ આસપાસના ગામો જે ટુંકમાં બનશે મહા સિટી... મૂડી રોકવાનો શ્રેષ્ઠ ચાન્સ...**

### શ્રી શાંતિનાથાય નમો નમઃ

## શ્રી શાંતિજિન જૈન જાગૃતિ ગ્રુપ, મુંબઈ દ્વારા પરજાઉ, વડસર, સુખપર ગામે વાછરાદાદાની પ્રતિષ્ઠા કરવામાં આવી.

**પરજાઉ ગામે** તા. ૨૯.૪.૨૦૧૫ ના બપોરના ૧૨.૩૯ કલાકે વાછરા દાદાની પ્રતિષ્ઠા કરવામાં આવેલ. મુંબઈ વસતા પરજાઉવાસીઓ ત્રણદિવસના પ્રતિષ્ઠા મહોત્સવે પધારેલ ને સારી સંખ્યામાં હાજરી આપેલ. ગામના જૈનસમાજ, દરબારસમાજ, ભાનુશાલી સમાજ, ગૌસ્વામીસમાજ, તેમજ ગામના અગ્રણી નરેન્દ્રસિંહ જાડેજા (માસ્તર) સરપંચ રણછોડજી જાડેજા ખભે ખભા મિલાવીને પ્રતિષ્ઠાને ચાર ચાંદ લગાવેલ. ગામવાસીઓ તરફથી સંઘમાતા ભારતીબેન, જયેશ, પ્રગ્નેશ, પ્રવિણ લોડાયા, ગોવિંદજી પટેલ, પ્રબોધ મુનવર, કિરણ દંડ, હિના જૈન, જયેશ શરદ દંડ, ગુલાબભાઈ દંડ, કોન્ટેક્ટર હુસેનભાઈ આદિ નું સન્માન કરવામાં આવેલ. આખો ધુવા બંધ ગામ જમણવાર માતુશ્રી મલ્યાબાઈ શરદ દંડ તરફથી રાખવામાં આવેલ.

**વરાડીયા ગામે** : ખાતમુર્હત કરવામાં આવેલ તા. ૨૯.૪ બપોરના ૪.૦૦ કલાકે માતુશ્રી મિઠીબાઈ ધનજી મોમાયાની જગ્યામાં વાછરાદાદાના નવનિર્મિત મંદિરનું કામ ચાલું થઈ ગયેલ છે. ત્યાં જગ્યા ઉપર ખાત મુર્હત કરવામાં આવેલ. નીરંજન ભાઈ મોમાયા, દેવેન્દ્ર મોમાયા, મનીષ ડાધા, મહેશ ડાધા, લલીત મોમાયા, મહેન્દ્ર ડાધા, સર્વે જણ હાજર રહયા હતા. ચા નાસ્તાની વ્યવસ્થા કરવામાં આવેલ.

**વડસરગામે** તા. ૩૦.૪.૧૫ ના સવારના ૬.૦૦ કલાકે વાછરાદાદાના–યક્ષદાદાની પ્રતિષ્ઠા નવનિર્મિત મંદિર માં થઈ હતી. વડસરમાં જૈનેતર ગામવાસીઓ સારી સંખ્યામાં હાજર રહયા હતા આખો ધુવાબંધ જમણવાર સંઘમાતા ભારતીબેન ભાગચંદ દામજી જૈન તરફથી કરવામાં આવેલ. ૭૦ વર્ષ પછી દાદા–પોતાની જગ્યા ઉપર પ્રતિષ્ઠિ થયેલ. ૯૫ વર્ષ ના જોડજા બાપુએ કહ્યું કે આવો અવસર મારી જીંદગીમાં પહેલીવાર જોવામાં આવેલ છે.

**સુખપર ગામે** તા. ૩૦.૪.૨૦૧૫ ૧૧.૦૦ કલાકે વાછરાદાદાની પ્રતિષ્ઠા થયેલ. સુખપરના મુંબઈથી ગામવાસીઓ નિયાણીબહેનો ૫૦ જણ, ભાનુશાલી સમાજના ૧૦૦ પધારેલ. ૯૫ વર્ષના ભાનુશાલી સમાજના અગ્રણીએ કિધેલ કે ૧૦૦ વર્ષ પછી પહેલી વાર આવો પ્રસંગ થયેલ છે. મેળા જેવું લાગતું હતું આખું ગામ બે દિવસ સુધી... મંદિરના નર્વાનિર્મિત નો લાભ માતુશ્રી બાયાંબાઈ શામજી દેવણાંત મોતા હસ્તે પુત્ર – પુત્રવધુ સ્વ. પુષ્પા વિરચંદ મોતા, શ્રીમતી દક્ષા પ્રશાંત મોતા, શ્રીમતી હેમંત મોતા, શ્રીમતી યોગીની જયન્ત મોતા, પૌત્ર પુત્રી – હાર્દીક, હેમાંગ, દર્શન, રિધ્ધી, મુસ્તાન, તરફથી મંદિર બનાવવામાં આવેલ.

રૂા. ૨૧૦૦૦/– માતુશ્રી બાયાંભાઈ ભીંયશી ખોના પરિવાર હસ્તે સોમચંદભાઈ, જીતેન્દ્રભાઈ, મહેન્દ્રભાઈ

રૂા. ૨૫૦૦૦/– ભાનુશાલી સુખપર મહાજન તરફથી;

રૂા. ૨૫૦૦/– ખીમજી પ્રેમજી મૈશેરી આ પરિવારે પ્રતિષ્ઠા મહોત્સવમાં લાભ લિધેલ.


સવારના નૌકારશી બપોરના આખું ગામ ધુવાબંધ જમણવાર નો લાભ માતુશ્રી બાંયાબાઈ શામજી મોતા પરિવારે લીધો. વાછરાદાદાની પ્રાણપ્રતિષ્ઠામાં તેમજ ખેતરપાર દાદા, ગણેશજી નો લાભ સંઘમાતા ભારતીબેન ભાગચંદ દામજી જૈન પરિવારે લીધેલ. ત્રણ દિવસ સુધી વડસર, સુખપર, પરજાઉની ગાયોને જીવદયા કરવામાં આવેલ.

પ્રતિષ્ઠા મહોત્સવમાં રાયપુર, ખંડવા, લોનાવલા, નિમચ, મુંબઈથી પાલીતાણા, વાપી, ગાંધીધામ, ભુજ, નલિયા, વારાપધર, વરાડીયા, સાંધવ, કોઠારા, માંડવીથી સર્વ ભાવીકો રહ્યા હતા.

મુંબઈથી નવિનભાઈ લોખંડવાળા, પ્રવિણભાઈ લોડાયા (અરિખાણા), કિરણદંડ, કેતન દંડ, લક્ષ્મીચંદભાઈ (ખંડવા), હિરાચંદભાઈ (રાયપુર), પ્રવિણ મોતા, વિરેન્દ્ર લોડાયા, હરીશ શિયાળ, સોમચંદ નાગડા, કુસુમ લાલકા, લલીત મોમાયા, જીતુભાઈ ખોના, નિતીન ધરમશી, મુકેશ દંડ (વાપી), ખુશાલ મૈશેરી (વાપી), રાજેશ દંડ (ભાંડુપ), વિનોદ લાલકા, પ્રબોધ મુનવર (ભુજ), હરીશ લોડાયા (પાલીતાણા), લાલજીભાઈ લોડાયા (ગાંધીધામ), ગીરીશ લોડાયા સર્વે જણ હાજર રહ્યા હતા.

**– લી. પ્રબોધ મુનવર** (ભુજ)
**– કિરણ દંડ** (મુંબઈ)

# ઘાટકોપર, શ્રી જીરાવલ્લા પાર્શ્વનાથ જિનાલયે
# પ.પૂ. શ્રી દેવરત્ન ગુણગૌરવ સ્મૃતિ મહોત્સવ



પ.પૂ. દેવરત્ન ગુરૂ ગુણગૌરવ મહોત્સવ સમિતિ દ્વારા પ.પૂ. મુનિરાજ શ્રી દેવરત્નસાગરજી મ.સા. ની પ્રથમ પુણ્યતિથિના નિમિત્તે ગુરૂના શાસનકાર્યોની અનુમોદના સ્વરૂપ સકળ સંઘો સાથે મળીને દેવગુરૂ ભક્તિ સહ પંચાહ્નિકા ઉત્સવ વૈશાખ વદ અમાસ, રવિવાર, તા. ૧૭-૫-૨૦૧૫ થી જેઠ સુદ ચોથ ગુરૂવાર તા. ૨૧-૫-૨૦૧૫ સુધી આયોજિત કરવામાં આવ્યો છે.

**મહોત્સવ સ્થળ :** શ્રી ઘાટકોપર કચ્છી મૂર્તિપૂજક જૈન સંઘ, શ્રી જીરાવલ્લા જૈન દેરાસર, દેરાસર લેન, ઘાટકોપર (ઈ), મુંબઈ-૭૭. ફોનઃ ૨૫૦૧૦૨૨૯

**કાર્યક્રમ : રવિવાર તા. ૧૭-૫-૨૦૧૫ -** સવારે આચાર્ય ભગવંતશ્રી આદિ સર્વે ગુરૂભગવંતોનો સ્વાગત પ્રવેશ... સામુહિક ૧૦૦૮ અઠ્ઠમતપ પ્રારંભ. સવારના ૮.૩૦ વાગે વિરાટ રથયાત્રા. સાંજે ૭.૦૦ વાગે જીરાવલ્લા પાર્શ્વનાથ જિનાલયમાં ભવ્ય મહાપૂજા, કુમારપાળ રાજાની મહાઆરતી.

**સોમવાર તા. ૧૮-૫-૨૦૧૫ -** સવારે મેરૂ અભિષેક મહાપૂજન. રાત્રે શાસનદેવી અચલગચ્છાધિષ્ઠાયિકા ચક્રેશ્વરી માં અને મહાકાલી માં ની ભાવના સહ મહાઆરતી.

**મંગળવાર તા. ૧૯-૫-૨૦૧૫ -** સવારે શ્રી સિદ્ધાચલ તીર્થની નવ્વાણુ યાત્રાની ભાવયાત્રા સાથે ગુરૂવર શ્રી દેવરત્નસાગરજી મ.સા.ની દિવ્ય જીવનયાત્રાનો ગુણાનુવાદ-સ્મૃતિગ્રંથ વિમોચન. ભક્તિભાવના.

**બુધવાર તા. ૨૦-૫-૨૦૧૫ -** સવારે ૭.૦૦ વાગે ૧૦૦૮ સામુહિક અઠ્ઠમ તપના તપસ્વીઓના પારણાં. સવારે ૮.૩૦ વાગે ''પ્રવચન અંજન જો સદ્‌ગુરૂ કરે''. રાત્રે ૮.૦૦ વાગે ભક્તિભાવના.

**ગુરૂવાર તા. ૨૧-૫-૨૦૧૫ -** સવારે ૮.૩૦ વાગે ''સદ્‌ગુરૂ શરણં મમ્'' ભવ્ય અનુષ્ઠાન. રાત્રે ૮.૦૦ વાગે પાઠશાળાના વિદ્યાર્થીઓ દ્વારા દિપક થી દેવગુરૂ સુધી ... લાઈવ પ્રોગ્રામ.


***SPORTS WORLD STAR - Monthly Magazine***
પ્રસ્તુત કરે છે **ઉમંગ મેળો ૨૦૧૫**
***મુલાકાત લો અને શુભેચ્છા ભેટ મેળવો***
**તા. ૧૭-૫-૨૦૧૫ - સવારના ૧૦ વાગ્યાથી**
સાવરકુંડલા હૉલ, રાજાજી પથ, ડોંબીવલી (ઈસ્ટ)
રમત-ગમત, ઘરેથી લાવેલ આરતીની થાળીની સ્પર્ધા
**સ્નેહલ લેબ** (દીપ્તિ ચંપક જીવાણી - 96198 08077) ના
**સૌજન્યથી રૂા. ૧૩૦૦/- ની ૧૩ ટેસ્ટ માત્ર રૂા. ૩૦૦/- માં**
*સંપર્ક :* અમિત દંડ 93234 06052


: શ્રી શાંતિનાથાય નમો નમઃ

**શાંતિનાથ દાદાની શિતલ છાયામાં પર્વની આરાધના કરવા સાંધવ ગામે સાંધવ ગામવાસીઓ તથા નિયાણી બહેનોને પધારવા આમંત્રણ**

માદરે વતન સાંધવમાં પર્યુષણ પર્વની આરાધના કરવા
તા. ૯.૯.૨૦૧૫ ના ટ્રેન દ્વારા બાન્દ્રાથી પ્રસ્થાન.
**પર્વ પર્યુષણ ૧૦.૯.૨૦૧૫ થી ૧૮.૯.૨૦૧૫ સુધી**
તા. ૧૯.૯.૨૦૧૫ ના ટ્રેન દ્વારા ભુજથી પ્રસ્થાન
પર્વ દરમ્યાન સાધાર્મિક ભક્તિનો લાભ લેનાર ભાગ્યશાળી
શ્રીમતી મીનાબેન શામજી માણેકજી લોડાયા (લોખંડવાળા) થાણા
જે ભાગ્યશાળીને પર્વની આરાધના કરવા ઈચ્છા હોય તેમણે ટીકિટ માટે નીચે જણાવેલ કાર્યકર્તાઓનો સંપર્ક કરવો.

**ગોવિંદજી પટેલ -** મુલુન્ડ 9820540949
**વિરચંદ ખોના -** ડોમ્બીવલી 9870989005
**રાજેશ દંડ -** ભાંડુપ 9930007826

**પર્વની આરાધના કરવા આવનાર દરેક આરાધકની સગવડ મહાજનશ્રી તરફથી કરવામાં આવશે.**

**ક. દ. ઓ. જૈન જ્ઞાતિ મહાજન - સાંધવ**
**પ્રમુખ - શામજી નરશી દંડ (મુંબઈ)**

શ્રી ચિંતામણી પાર્શ્વનાથાય નમો નમઃ

**વરાડીયા ગામે વાછરાદાદાની પ્રતિષ્ઠામાં ગામવાસીઓ તથા નિયાણી બહેનોને પધારવા ભાવભર્યુ આમંત્રણ.**

વરાડીયા ગામે માતુશ્રી મિઠીબાઈ ધનજી મોમાયાની જગ્યામાં નિર્માણ પામી રહેલ વાછરા દાદાના મંદિરની પ્રતિષ્ઠા તા. ૧૨.૬.૨૦૧૫ ના સવારના ૮.૦૦ કલાકે રાખવામાં આવેલ છે. તે નિમિત્તે સર્વેને પધારવા ભાવભર્યું આમંત્રણ છે. તા. ૧૧.૬.૨૦૧૫ ના સાંજ સુધી આવી જવાનું રહેશે.

લી. **રાજેન્દ્ર ડાઘા** - ભાંડુપ
**લલીત મોમાયા** - મુલુંડ
**પ્રફુલ મોમાયા** - ભાંડુપ
**મહેન્દ્ર ડાઘા** - વરાડીયા
**દેવેન્દ્ર મોમાયા** - વરાડીયા



**સદાકાળ રહેશે આપની શાશ્વત છાયા, કાળ પણ ભૂંસી ન શકે આપની ગુરુમાયા...**

આપની સંસ્કાર વૈભવની વિરાસત
બનાવે અમ જીવનને પ્રકાશિત....

આપના ગુણવૈભવની ગરિમા
સમજાવે જીવનની ઉચ્ચતમ પરિમા

આપના જીવન કર્તવ્યની કવિતા
દર્શાવે જીવન ઘડતરની ભવ્યતા...

આપના પરમ વાત્સલ્યની પવિત્રતા
લાવે સૌ ભક્તોના જીવનમાં મધુરતા

એવા પરમપૂજ્ય મુનિરાજશ્રી
**દેવરત્નસાગરજી મ.સા.**
અમારા સદાય પથદર્શક બની રહ્યા..

કાળની ક્રુર વક્તાએ
જ્યારે અમારું મનોબળ તુટવાના આરે હતું,
ત્યારે પૂ. મુનિશ્રી દેવ-ગુરુની જેમ
અમને શાતા આપી
ધર્મનું જ્ઞાન દર્શન આપી
જીવન પરિવર્તન કરાવનારા
પરમ ઉપકારી પૂજ્ય ગુરુદેવની
અકાળ વિદાયને
આજે ૧ વર્ષનો સમય વીતી ગયો




રોહણાચલની પેલે પાર દુનિયાને અજવાળવા ઉત્સુક થઈ રહેલ
સૂર્ય સમાશ્વરથ પર આરૂઢ થઈને પોતાના ઉજળા સ્વરૂપ સાથે પધારે છે....
એ આવે છે હજારો સૂરજમુખીને સુખી કરવા,
લાખો લોકોના જીવનવ્યવહારને ચલાવવા...કરોડો જીવોને પ્રકાશ આપવા...
તેજ રીતે ઘણાં વર્ષોથી જાતને
જગતના સંબંધોથી છોડાવી જગત્પતિ સાથેના સંબંધ મજબૂત કરનારા
હજારો શ્રાવક-શ્રાવિકાઓને આત્મકલ્યાણના માર્ગ બતાવનારા...

સ્વર્ગારોહણ તિથિ
વિ.સં. ૨૦૭૧
જેઠ સુદ ૨

પ્રખર પ્રવચનકાર પ.પૂ. મુનિશ્રી

# દેવરત્નસાગરજી મ.સા. ને

## ભાવભરી શ્રદ્ધાંજલી

લિ. : હિરેન નવીનચંદ્ર લાપસીયા (રંગપુર - મસ્જીદબંદર) (કન્વીનર : ધાર્મિક સમિતિ - શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિ મહાજન-મુંબઈ) તથા અ.સૌ. પ્રીતી હિરેન લાપસીયા, કુ. આયુષી કુ. અદિતિ

BINITA SATISH MARU : 98690 34162




**પ્રાર્થના સભા**

પ્રાર્થના સભા વિષય પર હાલમાં ઘણા ચર્ચા પત્રો પ્રગટ થયા છે.

મુંબઈ મોટું શહેર છે અને મુંબઈમાં જ જ્ઞાતિની વસતી વધુ છે. મુંબઈમાં લગભગ દર બીજા-ત્રીજા દિવસે પ્રાર્થના હોય છે. તો આ વિષય અંગે મુંબઈ મહાજન અને સમસ્ત મહાજન સામાન્ય સભા બોલાવી જ્ઞાતિજનોના વિચાર જાણી ઉચિત નિર્ણય લઈ શકે છે.

આપણે ઘણા વિષય પર વાતો કરીએ છીએ પણ જ્ઞાતિજનો તેમને જે કરવું હોય તે જ કરે છે. દા.ત. ગરીબ વર્ગને રાહત મળે અને ખોટા ખર્ચા ઉપર અંકુશ આવે તે માટે સમુહ લગ્નની પ્રથા શરૂ થઈ પણ આપણા કરોડપતિ અને અબજોપતિ જ્ઞાતિજનો રીસોર્ટમાં ગામની બહાર લગ્નમાં કરોડોના ધુમાડા કરે છે. આને શું વ્યક્તિગત બાબત ગણી લેશું ?

ફલાણા બહેન અને ફલાણા ભાઈ નેસમાં કે પ્રાર્થનામાં ન આવ્યા એ વિષય પર ચર્ચા કરવી યોગ્ય નથી. શક્ય છે કોઈ, કોઈ કારણસર આવવું હોય તો પણ ન આવી શકે. પ્રાર્થનામાં હાજરી આપવી કે ન આપવી એ વ્યક્તિની ઈચ્છા ઉપર નિર્ભર છે. એટલે બીજા લોકોએ તેનું ટેન્શન લેવું નહીં અને દુઃખી પરિવારને ટેન્શન આપવું નહીં.

જે ઘરમાં મૃત્યુ થયું છે તે પરિવાર ગરીબ હોય અને સારવાર માટે મોટો ખર્ચ થયો હોય તે પરિવારને આર્થિક મદદ કરવી એ યોગ્ય વિચાર છે. આ મદદ માટે સમાજ સેવકો ફાળો ઉઘરાવવા ડબ્બો રાખી શકે, જેને જે આપવું હોય તે આપે.

પ્રાર્થના સભા હૉલમાં ન રાખીને હૉલ ભાડું અને સંગીતકારનો ખર્ચ બચાવી શકે છે. બહારગામથી સંબંધીઓ આવે, દુરના સંબંધીઓ પણ વિમાનમા આવે, ટ્રેનમાં તત્કાલ ટિકીટ કઢાવીને આવે કે પછી ટેક્સી કરીને આવે એવા બધા ખર્ચ બચાવીને જે ઘરમાં મોત થયું હોય તે ગરીબ ઘરને રૂા. ૫૦,૦૦૦ થી રૂા. ૧ લાખની મદદ કરી શકાય.

નજીકના સગા તરત આવે એ સમજી શકાય પણ અન્ય લોકો બંન્ને પક્ષની અનુકુળતા જોઈને રૂબરૂ જાય અને શક્ય હોય તો મોબાઈલ પર જ સાંત્વના આપી દે. આ વિષય પર યોગ્ય નિર્ણય લેવો જરૂરી છે.

ગરીબ બીમાર વ્યક્તિ માટે ફૂલ, ફળ કે બિસ્કીટ વગેરે ન લેતા તે પૈસા સારવાર માટે આપવા યોગ્ય ગણાય.

આજકાલ ડોક્ટરો વાત-વાતમાં બધાને આઈસીયુ માં નાખે છે અને ત્યાં મળવા જવાની પરવાનગી નથી હોતી તો પણ ઘણા બધા લોકો જાય છે એ યોગ્ય નથી.

પ્રાર્થના સભાની સૌથી મોટી સમસ્યા ફક્ત મુંબઈવાળાને જ છે. દેશાવરના લોકોને એ બાબત કાંઈ મુશ્કેલી હોતી નથી, બધુ શાંતિથી પતી જાય છે એટલે આ બાબત આપણી જ્ઞાતિને ન સંડોવતા મુંબઈના લોકોએ ચર્ચા વિચારણા કરીને નિર્ણય લેવો જોઈએ.


**- સૌ. પુનમ (ખમા) પ્રફુલ મોમાયા - નાગપુર**

**લગ્ન સંબંધી**

મુંબઈનાં વેસ્ટર્ન પરામાં રહેતા બી.કૉમ. પોતાનો ધંધો ધરાવતા, ધરમશી પરિવારના ઉ. વ. ૨૭, ઉંચાઈ ૫.૧૦'', વજન ૫૬ કિલો યુવક માટે સુશીલ, સંસ્કારી કન્યાના વડીલો સંપર્ક કરે.

**મો. : 93213 75881**


Since 1984...
**Lagna Deep**
બી-૧૩, જલારામ આશિષ દેવીદયાલ રોડ,
મુલુન્ડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૮૦.
ફોન : ૨૫૬૮૦૮૦૭ (૦૨૨)



**પધારો... અસ્સલ કચ્છીયતના આંગણે...**

**રીયલ હેન્ડ એમ્બ્રોઇડરી, રીઅલ જરી, ચોકબંધ ઘરચોળા**

રીયલ બટ કસબની સાડી બોર્ડર  પીટ્ટા તાર ભરતની સાડી
કસબ અને જીક કસબની સાડી  પારસી વર્ક
બ્રાઇડલ ચણીયા ચોળી, ડીઝાઇનર સાડી
પાનેતર  બનારસી ઉપાડા અને ફેન્સી બાંધણી ઘરચોળાની ટેસ્ટેડ તથા રીયલ બોર્ડરો મળશે.

**(એક્સક્લુઝીવ ડ્રેસ મટેરીયલ)**
**જુના ઘરચોળા સારી કિંમતે લેવામાં આવશે.**
**Mob. : 7666688881**

**ગુરૂવાર બંધ**

# મંજલ રેલડિયાનાં શ્રી આદેશ્વરજી જિનાલયની ૧૩૩ મી વર્ષગાંઠ નિમિત્તે ત્રિહાન્હિકા મહોત્સવ ખુબજ ધામધુમથી ઉજવાયો.

કચ્છ અબડાસા તાલુકાના મંજલ - રેલડિયા ગામે જિનાલયની ૧૩૩ મી વર્ષગાંઠ નિમિત્તે ત્રિદિવસીય ભક્તિ મહોત્સવ ભક્તિભાવપૂર્વક અચલગચ્છાધિપતિ આચાર્ય ગુણોદયસાગર સુરિશ્વરજી મ.સા., પુ. ગણિવર્ય મહોદયસાગર મ. સા. તથા મંજલ રત્ન શ્રી. પ્રિયંકર મ.સા. તેમજ સાધ્વીજી ચારુગુણાશ્રી અને શ્રી કાવ્યગુણાથી મ.સા. આદિની હાજરીમાં ઉજવાયો હતો.

તા. ૨૭ થી ૨૯ એપ્રિલ દરમ્યાન મહોત્સવમાં ગામવાસી કચ્છી દશા તેમજ વીશા ઓશવાળ જૈનોએ સામૈયું કર્યું હતું. આ પ્રસંગે પ્રથમ દિવસે પાર્શ્વનાથ પંચકલ્યાણક પુજા, દ્વિતિય દિવસે સંપૂર્ણ જિનાલયનાં સર્વ જિનબિંબાના ૧૮ અભિષેક કરાયા હતા.

તા. ૨૯ ના જિનાલયની ૧૩૩ મી વર્ષગાંઠે સકળ સંઘ તથા મ.સા.ની હાજરીમાં જિનાલય પર ધ્વજારોહણ મંત્રોચ્ચાર પૂર્વક ઢોલ શરણાઈના નાદે કરાર્યું હતું. આ પ્રસંગે સત્તરભેદી પુજા સંગીતની સરાવલીઓ સાથે ભણાવવામાં આવી હતી.

જિનાલય પર ધ્વજા ચઢાવવાનો લહાવો રૂા. ૧૫૧ ૧૫૧ માં શ્રીમતી ઝવેર બેન લક્ષ્મીચંદ પાસુભાઈ ગોસરે લીધો હતો.

પ્રથમ દિવસની સંપૂર્ણ સાધાર્મક ભક્તિનાં દાતા શ્રી. વિશનજી લાલજી ધરમશી પરિવાર, દ્વિતિય દિવસના શ્રી. દામજી નથુભાઈ દંડ પરિવાર, તૃતીય દિવસનાં શ્રી. કાન્તીલાલ અરજણ દંડ પરિવાર તેમજ ચોથા દિવસનાં દાતાશ્રી લક્ષ્મીબેન પુનશી ધારશી ગોસર પરિવાર રહ્યા હતા.

મહોત્સવનાં સહયોગી દાતા કુંવરબાઈ હીરજી કરમશી વોરા પરિવાર, પ્લેટીનમ સ્થંભ દાતા ભચીબાઈ દેવશી ગોસર પરિવાર તેમજ શેઠશ્રી કાનજી ટોકરશી લોડાયા પરિવાર, વિનીતા નગરી અને ભોજનખંડનાં લાભાર્થી તરીકે નાનબાઈ વીરજી ઘેલા ગોસર પરિવારે લાભ લીધેલ હતો. રાત્રીભાવના દરમ્યાન રાસગરબા અને ભક્તિમય મ્યુઝીકલ અંતાક્ષરી નાં દાતા તરીકે નાથીબાઈ હીરજી ગડા પરિવારે લાભ લીધેલ હતો.

મહોત્સવનાં સારથી બનીને મુંબઈથી મંજલ અને મંજલથી મુંબઈ સુધીના ટ્રેન પ્રવાસ, ટેક્ષી પ્રવાસ તેમજ જમણ નવકારશી ઈત્યાદિનો સંપૂર્ણ ખર્ચ થી લક્ષ્મીચંદ પાસુભાઈ ગોસર પરિવારે ભોગવ્યો હતો.

આ મહોત્સવની ઉપલબ્ધિ એટલે મંજલ ગામમાં ગામવાસીઓ આકર્ષાઈને આવે તેમની વ્યવસ્થા માટે અતિથિગૃહ, ભોજનશાળા, આવાસ નિવાસ, વગેરે યોજનાઓ રજુ થઈ હતી અને તેમાં સહભાગી થવા ઘણા દાતાઓ આગળ આવ્યા હતા.

પુ. પ્રિયંકર મ. સા. ના માનનીય પ્રવચનથી પ્રેરાઈને શ્રીમતી વાસંતીબેન કિર્તીકુમાર કેશવજી સાવલા (મિલન મસાલાવાળા ગામ બાડા) પરિવારે ભોજનશાળા માટે રૂા. ૧૧/- લાખનું દાન જાહેર કરેલ તેમજ એક રૂમનાં રૂા. ૫/- લાખ લેખે માતુશ્રી કુંવરબાઈ હીરજી કરમશી વોરા પરિવાર, માતુશ્રી નાથીબાઈ હીરજી ગડા પરિવાર, શ્રીમતી ઝવેરબેન લક્ષ્મીચંદ પાસુભાઈ ગોસર પરિવાર, અને શ્રીમતી ભારતીબેન હીરાચંદ પાશવીર દંડ પરિવારે નામ નોંધાવ્યા હતા. સાથે સાથે ૨૨ લાખેણા દાતા પણ નોંધાયા હતા.

સંગીત અને વિધિકાર શ્રી. ચન્દ્રકાંત દેઢીયાએ પોતાની આગવી શૈલીમાં રૂા. ૧૩,૩૩૩ ના દાનની સાધારણ ખાતા માટે ટહેલ નાખતા ૪૨ વ્યક્તિઓએ લાભ લીધેલ હતો.

ગામની નિયાણી બહેનોએ પણ મહોત્સવમાં ભાગ લઈ દાનની સરવાણી વહેવડાવેલ હતી.

મહોત્સવમાં મુંબઈથી શ્રી. ક.દ.ઓ. જૈન મહાજન મુંબઈનાં પ્રમુખશ્રી કલ્પેશ માણેકજી મોતા અને ઉપપ્રમુખ શ્રી. લહેરી વર્ધમાન ખોના પધાર્યા હતાં. તેમનું શાલ, વ્હાલ અને શ્રીફળથી સન્માન કરવામાં આવ્યું હતું. તેમણે ગામનાં દશા અને વિશા જૈન ભાઈઓ વચ્ચેની એકતાનાં થયેલ ભવ્ય દર્શનની ભુરી ભુરી અનુમોદના કરી હતી.

આ પ્રસંગ માણવા, મહાલવા અને ભક્તિરસમાં તરબોળ થવા સ્થાનીકે મુંબઈ થી ૩૭૫ વ્યક્તિ પધારી હતી. જેમની સુવ્યવસ્થા કરવામાં આવી હતી.

મહોત્સવ દરમ્યાન વિધિવિધાન તથા ભક્તિ સંગીતની રમઝટ શ્રી. ચન્દ્રકાંત પ્રેમજી બિદડાવાળા એન્ડ પાર્ટીએ જમાવી હતી. મહોત્સવનાં સંચાલનમાં શ્રી. અચલગચ્છ જૈન સંઘ - મંજલ રેલડિયાનાં પ્રમુખ શ્રી. લક્ષ્મીચંદ પાસુભાઈ ગોશરના સંચાલન હેઠળ સમસ્ત ટીમે રાતદિવસ ઉભા પગે સેવા બજાવી હતી. શ્રી. આદેશ્વરજી દેરાસરનાં ટ્રસ્ટીઓએ પણ મહોત્સવને ચાર ચાંદ લગાડવા હાજરી પુરાવી ખભેથી ખભા મિલાવી સહયોગ આપ્યો હતો.

# શ્રદ્ધા સુમન

**જન્મતારીખ**
**૧૫.૧૧.૧૯૩૭**
**વારાપધર**



**સ્વર્ગવાસ : તારીખ**
**૨૯.૦૪.૨૦૧૫**
**ધુલિયા**

## રોટેરિયન શ્રી ચંદ્રકાંત ગુલાબચંદ લોડાયા (શાહ)

**માજી ડીસ્ટ્રીક ગર્વનર - ૩૦૬૦**

જૈન કુળમાં જન્મ લઈ દરેક ક્ષેત્રમાં પોતાની પૂર્ણ જીવનયાત્રા દરમ્યાન તન-મન થી યોગદાન વરસાવતા ગયા. તેઓ જીવન એવું જીવી ગયા કે દરેક વ્યક્તિ તેમને ગૌરવપૂર્વક હર હમેશા યાદ કરતી રહેશે.....

### ભવદીય

| | | |
|---|---|---|
| **માતા - પિતા** | : | સ્વ. જ્યોતિબેન ગુલાબચંદ લોડાયા, ધુલીયા. |
| **સાસુ-સસરા** | : | સ્વ. જયવંતિબેન માણેકજી ખોના - મુંબઈ |
| **ધર્મપત્ની** | : | શ્રીમતી કાન્તાબેન ચંદ્રકાન્ત લોડાયા - ધુલીયા |
| **ભાઈ - ભાભી** | : | જસ્ટીસ ઈશ્વરચંદ ગુલાબચંદ તથા સૌ. વંદના |
| **પૂત્રવધુ - પુત્ર** | : | સૌ. કલ્પના પ્રદિપ લોડાયા - ધુલીયા |
| | | સૌ. મૃણાલી નરેશ લોડાયા - નાસીક |
| **પૌત્ર-પુત્રી** | : | ચિ. દ્વિપમ, વિરંમ, હર્ષવર્ધન - ચિ. કું. નિધી |
| **દિકરી જમાઈ** | : | સૌ. ભારતી નિલેશ વિકમશી, મુંબઈ |
| | | સૌ. કવિતા રાજેશ પોલડીયા - ઓસ્ટોલીયા |
| **પુત્ર - વેવાઈશ્રી** | : | શ્રીમતિ જીવનબેન હિરાચંદ નાગડા - પૂના |
| **પુત્રી - વેવાઈશ્રી** | : | શા. શિવજી કુંવરજી વિકમસી - મુંબઈ |
| | | શા. શિવજી નરસી પોલડીયા - મુંબઈ |
| **સાળી - સાઢુશ્રી** | : | શ્રીમતી તારીકા જયેન્દ્ર વ્યાસ - મુંબઈ |
| | | સૌ. નંદિતા નરેશ શાહ, મુંબઈ |
| **દોહિત્ર દોહિત્રી** | : | ચિ. જિહાન, પલ્લવી |
| | | ચિ.તથા ધ્રુતી તથા ચિ. મિથીલ, ઓસ્ટ્રેલિયા |
| **સૌજન્ય** | : | **હોટલ ડ્રીમલેન્ડ, ગણપતિ પ્લેસ,** ધુલીયા |
| | | શા. ગુલાબચંદ ભવાનજી શહા નગર, |
| | | માલેગામ રોડ - ધુલીયા (મહારાષ્ટ્ર) |
| | | ટેલી : ૦૨૫૬૨ - ૨૪૧૩૪૩ |
| | | મો. ૯૧૬૮૯૪૩૯૪૨ |

## પોતાની જાત કરતાંય સેવાને વધુ મહત્વ આપનારા
## મૂઠી ઊંચેરા માનવી શ્રી ચંદ્રકાંત જી. શાહ (લોડાયા)



શ્રી ચંદ્રકાંત ગુલાબચંદ શાહ (લોડાયા) ના દેહાંત સાથે ક.દ.ઓ. જ્ઞાતિની પ્રતિભાઓએ દેશાવરમાં વ્યવસાયિક સુઝ અને સેવા ભાવનાથી લખેલા વિશેષ અધ્યાયોમાંથી એકની પૂર્ણાહુતિ થઈ.

આમ તો ચંદ્રકાંતભાઈનું સમસ્ત કુટુંબ એક અનન્ય પ્રગતિશીલ પરિવારનું દૃષ્ટાંત છે, ચંદ્રકાંતભાઈએ કુટુંબની પરંપરાને જાળવી અને સમૃધ્ધ કરી હતી. ધુલિયા મ્યુનિસિપાલીટીનું અધ્યક્ષ પદ શોભાવનારા પિતા ગુલાબચંદ ભાઈ, માતા જયવંતીબેન અને મોટાભાઈ ઈશ્વરચંદ શાહ પાસેથી મળેલ સેવાભાવનાથી તેમણે ધુલે નગરની મ્યુનિસિપાલીટીના માધ્યમથી તથા રોટરીના માધ્યમથી ધુલિયા નગરની શાન વધારી.

બી.કોમ. થયા બાદ બિલ્ડીંગ કોન્ટ્રાક્ટર, ફર્નિચર બનાવનાર, ખેતીવાડી અને હોટલ વ્યવસાયમાં ટોચની સફળતા મેળવનારા ચંદ્રકાંતભાઈએ સમાજ પાસેથી જેટલું મેળવ્યું, તેનાથી અનેકગણું પાછું આપ્યું.


રોટેરીયન તરીકે આદિવાસી સેવા, સાંસ્કૃતિક વિનિમય, દુકાળ રાહત, બોરવેલથી પાણી સુવિધા ઉભી કરવી, શાળાઓનું નવીનીકરણ, બહેનોને સ્વાવલંબી બનાવવા સિલાઈ મશીન વિતરણ આદિ સેવા પ્રવૃત્તિઓમાં તેમણે ઊંચા કીર્તિમાનો સ્થાપ્યા.

ડિસ્ટ્રીક્ટ ગવર્નર થઈ રોટરી ઈન્ટરનેશનલનો સર્વોચ્ચ એવોર્ડ 'સર્વિસ બીફોર સેલ્ફ' મેળવ્યો.

ધુળે ક્ષેત્રમાં ચંદ્રકાંતભાઈએ બાંધેલા ઉત્કૃષ્ટ ગુણવત્તાના ચર્ચ તથા શાળાના મકાનો કાયમ માટે તેમની યાદ અપાવતા રહેશે. તેમના કુટુંબે કરેલ એવોર્ડ જીતનાર દ્રાક્ષ પેદા કરવાના તથા બીજા ખેતીવાડીના પ્રયોગોમાં પોતાની સુઝબુઝ લગાડી હતી. તેમના સાકાર સ્વપ્ન સમાન હોટલ ડ્રીમ્સલેન્ડ અને હોટલ ગણપતિ પેલેસ પણ તેમની યાદ અપાવતી રહેશે.

તેઓ કે.ડી.ઓ.ની ધુલે બોર્ડીંગના ઉપપ્રમુખ હતા. તેમણે જીવનસાથી કાંતાબેન તેમજ પુત્ર પ્રદીપ તથા પુત્રવધુ કલ્પનાબેનને પણ રોટરી અને ઈનર વ્હીલ ક્લબની પ્રવૃત્તિઓ દ્વારા સમાજનું ઋણ ચૂકવવાની પ્રેરણા આપી. તેમની સ્મૃતિ ધુલિયાવાસીઓ અને જ્ઞાતિજનોને પ્રેરતી રહેશે.

## સ્મરણાંજલિ



**મિત્રવર્ય શ્રી વિનોદ રાયચંદ ધુલ્લા**

સુથરી - મુલુંડ

**જૈન સમાજરત્ન**

**અરિહંત શરણ તા. ૧૧-૫-૨૦૧૪**

પ્રથમ પુણ્યતિથિએ તમારા જિંદાદિલી અને દીર્ઘદૃષ્ટિભર્યા કામો ચોક રૂપે કાયમી સ્મૃતિ બનશે. અલબત્ત તમારી જીવંતતાની ખોટ કદી નહીં પુરાશે.

તમારી સાથે જ્ઞાતિ ઉત્કર્ષ કાજે ગાળેલી પળો પણ વારંવાર યાદ આવતી રહેશે.

**નિરંજન કેશવજી મોમાયા**

વરાડીયા - મસ્જિદ બંદર


**અસલ કલા-કસબનો સમન્વય**

**જ્યોતિ** — સિલ્ક સાડી એમ્પોરીયમ

*Sachi Jari maate real nam*

સાડીઓ - ચણીયાચોળી - ઘરચોળા - બોર્ડરો પાનેતર - બાંધણીઓ

મનભાવન ડીઝાઈનો, શ્રેષ્ઠ ક્વાલીટી અને વ્યાજબી ભાવ...

ઝવેરીબજાર શાખામાં સેમ્પલ સાડીઓનું ક્લીયરન્સ ચાલુ છે.

૧૩૪/૩૬, બીજે માળે, ઝવેરીબજાર, ખારાકુવા સામે, મુંબઈ- ૦૨.

Tel. : 22413995 / 22402786

૨૮, ગની મેન્શન, શૉપ નં. ૧, અરોરા થિયેટરની પાછળ,

માટુંગા (સે.રે.) કિંગ્સ સર્કલ, મુંબઈ -૧૯.

ફોન : 2404 3995 / 93222 58574



શુભેચ્છાઓ સહ...

**સાંઘવ રત્ન**

**શ્રી મુલજી રાઘવજી લોડાયા**

**MRL Group of Companies**

## શૈક્ષણિક પ્રકાશ : PRE-MATRIC SCHOLARSHIP

જ્ઞાતિનાં બાળકોને જણાવતાં આનંદ થાય છે કે ચાલુ શૈક્ષણિક વર્ષ ૨૦૧૫-૧૬ માટે કેન્દ્ર સરકારે અલ્પસંખ્યાંક પ્રિ-મેટ્રીક શિષ્યવૃત્તીની ઘોષણા કરેલ છે. વર્ષ ૨૦૧૫-૧૬માં સ્કૂલ ભણનારાં જૈન અલ્પસંખ્યાંક સમાજનાં, ધોરણ ૧લી થી ૧૦માં સુધીનાં, ગુણવંત વિદ્યાર્થીઓ પાસેથી ફક્ત ONLINE પધ્ધતીથી જ અરજી-પત્રક મંગાવવામાં આવેલ છે.

આ શિષ્યવૃત્તી બધી જ સરકારી / અર્ધસરકારી / ખાજગી-અનુદાનિત / વિના અનુદાનિત / કાયમ વિના અનુદાનિત માન્યતા પ્રાપ્ત સ્કુલમાં શિક્ષણ લેનારા અલ્પસંખ્યાંક વિદ્યાર્થીઓ માટે લાગુ છે. અરજદાર વિદ્યાર્થીને (ધો. ૨ થી ધો. ૯) ગત વર્ષમાં ૫૦% થી વધારે માર્ક્સ સાથે પાસ થયેલ જોઈએ. પાલકનો વાર્ષિક ઉત્પન્ન (Income) રૂપિયા એક લાખથી ઓછો જોઈએ. ઓછામાં ઓછા વાર્ષિક ઉત્પન્નવાળા વિદ્યાર્થીઓને પ્રથમ પ્રાધાન્ય આપવામાં આવશે. એક કુટુંબના વધારેમાં વધારે બેજ બાળકો શિષ્યવૃત્તીના લાભ માટે પાત્ર રહેશે. કન્યાઓ માટે ૩૦% આરક્ષણ છે.

Income Certificate તહસીલદાર / મામલેતદાર કચેરીમાંથી મેળવી લેવું જરૂરી છે.

આ ફોર્મ ભરવાની મુદત તા. ૩૧-૦૫-૨૦૧૫ સુધી જ છે. સ્કૂલનાં હેડમાસ્તર / પ્રિન્સિપાલ માર્ફત ONLINE ફોર્મ ભરવું જરૂરી છે, તેની વિશેષ નોંધ લેવી. ONLINE માટે વેબસાઈટ www.scholarships.gov.in છે.

અપુર્ણ અને ખોટાં ભરેલાં ફોર્મનો વિચાર કરવામાં આવશે નહીં તેની કાળજી લેવી. ONLINE ફોર્મ ભરતી વેળાએ વિદ્યાર્થીએ પોતાનો ધર્મ અને કુટુંબની આવક (Income) અચૂક ભરવી.

સંકલન : **મહેશ કાંતિલાલ ભવાનજી મોતા** (જલગામ - કુવા પધ્ધર) મો. ૯૪૦૪૪ ૯૨૮૩૦

---

## હોમિયોપેથિક મેડીકલ કેમ્પ

શ્રી રાયચંદ હંસરાજ ધરમશી ચેરીટેબલ ટ્રસ્ટ અને શ્રી કિરીટભાઈ લક્ષ્મીચંદ લાપસીયા પરિવારના સથવારે તા. ૨૯-૫-૨૦૧૫ ને શુક્રવાર ના સવારના ૧૦ વાગ્યાથી ૧ વાગ્યા દરમ્યાન પરબશક્તિ સંજીવની સોસાયટીની ક્લીનીક, શ્રી અનંતનાથ કોમ્પલેક્સ (જૈન કોમ્પલેક્સ), ડબ્બા કંપનીની બાજુમાં, કાંજુર માર્ગ (ઈસ્ટ) માં હાડકાની તકલીફ ધરાવતા દર્દીઓ માટે હોમિયોપેથિક મેડીકલ કેમ્પ યોજાયેલ છે. ઈચ્છુક જ્ઞાતિજનોને લાભ લેવા સંપર્ક : શ્રીમતી શ્વેતા મિતેશ શાહ M: 9619270430 પર રજીસ્ટ્રેશન કરાવવું જરૂરી છે. રજીસ્ટ્રેશનના રૂા.૫૦/- ત્યાં આવીને ભરવાના રહેશે. રજીસ્ટ્રેશનની છેલ્લી તા. ૨૩-૫-૨૦૧૫ છે, ત્યારપછી નામ લેવામાં આવશે નહીં.

**ખાસ નોંધ :** હાડકાંના દર્દીઓએ ફક્ત કાંજુર માર્ગ આવવું. ચેમ્બુર ખાતે દર્દીઓને બિલ્કુલ લેવામાં નહીં આવે.

કિડની, લીવર, સ્કિન તથા અન્ય રોગના દર્દીઓ માટે હોમિયોપેથિક મેડીકલ કેમ્પ શનિવાર તા. ૩૦-૫-૨૦૧૫ સવારના ૧૧ વાગ્યાથી સાંજના ૪ વાગ્યા સુધી તથા રવિવાર ૨૬-૪-૨૦૧૫ ના સવારના ૯ વાગ્યાથી બપોરના ૨ વાગ્યા સુધી શ્રી ચેમ્બુર જૈન મેડીકલ રીલીફ સેન્ટર, ચેમ્બુર ખાતે યોજાયેલ છે. રજીસ્ટ્રેશનના રૂા. ૧૦૦/- ત્યાં આવીને ભરવાના રહેશે. ઈચ્છુક જ્ઞાતિજનોએ લાભ લેવા સંપર્ક

શ્રીમતી શ્વેતા મિતેશ શાહ - મોબાઈલ : ૯૬૧૯૨ ૭૦૪૩૦ પર રજીસ્ટ્રેશન કરાવવું જરૂરી છે.


શુભેચ્છા સહ.....
શ્રી હીરાલાલ હંસરાજ ડાઘા (માટુંગા-વરાડીયા)
**અંબા શીપીંગ એજન્સીઝ**
૪૦૧, રાજગોર ચેમ્બર્સ,
૯૯ મસ્જીદ સાઇડીંગ રોડ, મુંબઇ-૯.

શુભેચ્છાસહ Laxmichand Dharshi Mota
**MOTA SHIPPING AGENCY**
C.H.A.No. 11-0404
રાજ લક્ષ્મી આરોગ્ય ધામ - પંચગીની
સંપર્ક : 08879677709

## આરોગ્ય પ્રકાશ : ચોખા સાચી રીતે ખવાય તો ઘણા ગુણકારી

અડધી દુનિયા ચોખા ખાય છે, પણ આખી દુનિયા ચોખાથી ડરે છે. તાવગ્રસ્ત શરીર હોય કે પછી કસરતવાળા, વજન વધારવું હોય કે ઘટાડવું હોય, બ્લડ પ્રેશર વધારવું હોય કે ઘટાડવું હોય...ચોખા તેમાં ઉપયોગી સાબિત થાય છે.

**મનનું પોષણ**

શીતળ, શ્વેત અને સમૃદ્ધિનું પ્રતીક હોવાથી ચોખાનો ઉપયોગ ઉપવાસમાં, વ્રતમાં અને ધ્યાનવર્ધક સાધકો માટે થાય છે. ચોખાનો ખોરાક લેવાથી મન શાંત થાય છે. શારીરિક પિત્ત ઘટે છે. સાધના માટે ઉપયોગી છે.

**શરીરનું પોષણ**

વિટામીન બી કૉમ્પ્લેક્સ, મૅગ્નેશિયમ, ફોસ્ફરસ, મૅન્ગઝીન સિલેનિયમ, આયર્ન, ફોલિક ઍસિડ અને એમિનો ઍસિડ જેનાં તત્વોથી ભરપૂર ચોખાનો વપરાશ અને શારીરિક ફાયદા માટે થાય છે.

બાળકોની ઊંચાઇ વધારવા, સ્પોર્ટ્સમાં આગળ વધવા, દાંત અને હાળકાં મજબૂત કરવા, પાચન સુધારવા, સ્વસ્થ ત્વચા અને રોગ પ્રતિકારક શક્તિ વધારવા ચોખા ઉપયોગી થાય છે.

### ચોખા વિશેની ગેરસમજણો દુર કરતો લેખ

**શક્તિ માટે**

તાવની નબળાઇ હોય કે દિવસભરની તાણ હોય કે થાક હોય, ચોખાના ઉપયોગથી શરીરને સ્ફૂર્તિ અને ઊર્જા મળે છે.

પ્રચલિત માન્યતા છે કે ચોખા ખાવાથી ઊંઘ આવે અથવા સુસ્તી ચડે... પરંતુ સાચી રીતે ચોખા ખાવાથી શરીર હલકું રહે છે. પાચન સુધરે અને શક્તિ આવે.

**બીમારીમાં**

એક ચમચો મીઠા વગરના ભાત સવારે ખાવાથી બ્લડપ્રેશર નિયંત્રણમાં આવે છે. આ પ્રયોગ લો બ્લડપ્રેશર અને હાઈ બ્લડપ્રેશના દર્દીઓ માટે બહુ ઉપયોગી છે.

સાચે જ ઉકડા ચોખા, શાક, દાળ, છાશનું ભોજન કરવાથી બ્લડ સુગરના ઉતાર-ચડાવમાં સુધારો આવી ડાયાબિટીસના દરદીઓને રાહત થાય છે. ચોખામાં કૉલેસ્ટ્રોલ ન હોવાથી તે હૃદયની બીમારીના દર્દીઓ અને કૉલેસ્ટ્રોલના દર્દીઓ માટે ઉપયોગી છે. સાથે જ તે પિત્તનાશક હોવાથી વજન ઘટાડવા અને વજન વધારવા માટે અનિર્વાય ખોરાક છે.

**વિશેષ પ્રયોગ**

રાઈસ બ્રાન ઑઈલમાં અનેક વિષનાશક, કૅન્સરનાશક અને ઓમેગા-૩ જેવાં તત્વો છે. આ તેલના અનેક ઉપયોગ કરી શકાય છે. જેમ કે રસોઈ માટે, ત્વચા પર મોઈશ્ચરાઈઝરની જેમ વાળમાં પણ લગાડી શકાય છે.

**ચોખા ફાયદો કરે, નુકસાન નહીં**

ઉકડા ચોખા, પાણી કાઢેલા ભાત અને સમતોલ આહાર લેવાથી ચોખા એક ઔષધીય ખોરાક બને છે. બ્રાઉન રાઈસ, પૉલિશવાળા ચોખા લેવા નહીં.

**- ધ્વનિ શાહ**

જન્મભૂમિની હીલીંગ ડાયટ કોલમમાંથી સાભાર

### મંજલ રેલડિયા મહિલા મંડળની બેઠક

મંજલ રેલડિયા મહિલા મંડળની બેઠક ગુરૂવાર તા. ૪-૬-૨૦૧૫ના બપોરના ૨.૩૦ વાગે વેલબાઈ સભાગૃહ, માટુંગામાં રાખવામાં આવી છે. મંજલ રેલડિયા ગામની બધી ક.દ.ઓ. અને ક.વિ.ઓ. સમુદાયની નીયાણીઓ સહિત બધી બહેનોને આમંત્રણ છે.

આ પ્રસંગે કચ્છી ડ્રેસ અને કચ્છી વાનગીઓની સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું છે. *વધુ વિગત માટે સંપર્ક :* શ્રીમતી રેખાબેન ગડા - 98209 40042

યાત્રા પ્રવાસ ક્ષેત્રે આધુનિક પ્રણાલીકાઓના પ્રણેતા...
તન મન
ટુર એન્ડ ટ્રાવેલ્સ
9323360708/25903514-5-6
tanmantravels@yahoo.co.in
www.tanmantour&travel.com

શ્રી વિનોદભાઈ રાયચંદ ધુલ્લા સમસ્ત જૈન સમુદાયના આગેવાન હતા. તેમણે જ્ઞાતિના ગૌરવને જાળવવા તથા સમૃધ્ધ કરવા ખુબજ જહેમત લીધી હતી. સમસ્ત જૈન સમાજની માગણી પ્રમાણે અનંતનાથ જિનાલય પાસેના ચોકને તેમનું નામ અપાયું એ જ્ઞાતિ માટે ગૌરવની વાત છે. *તન-મન પરિવાર*

શીખરજીની સર્વ પ્રથમ અને
એકમાત્ર આપણી પોતાની
★★★ જેવી સુવિધાયુક્ત AC હોટલ
SHIKHARJI Continental
MADHUBAN - JHARKHAND

**જ્ઞાતિના સ્પર્શતા સમાચારો ટૂંકમાં પાનાની એક બાજુએ સારા અક્ષરે કાર્યક્રમ પૂર્ણ થાય કે તરત લખી મોકલવા વિનંતી.**

### શ્રી જગવલ્લભ પાર્શ્વનાથ તીર્થધામ - ખંડવા (મ.પ્ર.)

શ્રી જગવલ્લભ પાર્શ્વનાથ તીર્થધામની પ્રથમ વર્ષગાંઠ વૈશાખ સુદ ૧૩ તા. ૧-૫-૨૦૧૫ના દિવસે ધામધૂમથી ઉજવવામાં આવી. તા. ૩૦-૪-૨૦૧૫ ના દિવસે ''અઢાર-અભિષેક'' રાખવામાં આવ્યા. ધ્વજારોહણનો લાભ શ્રી મનીષ હીરાચંદ મોમાયાએ ૧૦૦૮ મણમાં લીધેલ. બન્ને દિવસની સાધર્મિક ભક્તિ શ્રી ક.દ.ઓ. સંઘ દ્વારા રાખવામાં આવેલ. મલકાપુરથી વિધિકાર શ્રી રાજૂભાઈ શાહ સંગીત પાર્ટી સાથે પધારેલ.

બન્ને દિવસના દેરાસરના કાર્યક્રમમાં શ્રી નીરજ નવીનચંદ્ર નાગડા, ભોજનમાં શ્રી કરણ દિપાંશુ ઉમેશ નાગડા અને દેરાસરની સાજ-સજ્જામાં સૌ. પ્રીતિ સુનીલ સાયલા, સૌ. મનીષા મનીષ મોમાયા, શ્રી નાવેશ કેશવજી ખોનાનું ઉત્કૃષ્ટ યોગદાન રહ્યું.

### શ્રી ક.દ.ઓ. જૈન મહારાષ્ટ્ર એકમ મહિલા મંચ - ધુલિયાની સભા

ફાગણ સુદ ૭ ને બુધવાર તા. ૨૫-૨-૨૦૧૫ના રોજ ખજાનચી સૌ. હર્ષાબેન વિનોદ સોનીના નિવાસ સ્થાને પ્રમુખ સૌ. પ્રીતિબેન કાજલ મોમાયાના પ્રમુખપણા હેઠળ મળેલ.

ચિ. જલ્પા તૈલેષ ભાટેએ ચિડના મોતીના ફૂલ બનાવતાં શીખવેલ. તેમાંથી વિવિધ રંગના ફૂલ દ્વારા બનાવેલ બુકે બનાવી બતાવેલ. ચિ. જલ્પાનું મહિલા મંચ તરફથી કરાડથી પધારેલ શ્રીમતી ઉષાબેન નાગડાના હસ્તે સન્માન કરેલ. શ્રીમતી ઉષાબેને શણગારેલી દહીહાંડી બનાવવાની રીત સમજાવી દર્શાવેલ, સૌ. હર્ષાબેને વન મિનિટ પેપર ગેમ રમાડેલ જેમાં પ્રથમ સૌ. મનિષાબેન વિનોદ ભાટેને ઈનામ મળેલ. વિજેતાઓને સૌ. હર્ષાબેન તરફથી શ્રીમતી ઉષાબેનના હસ્તે ઈનામ આપવામાં આવેલ.

સૌ. ચેતનાબેન જયેશ ભાટે તરફથી ચિ. ઉદયના લગ્ન પ્રસંગે રૂા. ૫૦૧/- તથા સૌ. ઉષાબેન દિલીપ નાગડા તરફથી નૂતન ગૃહ પ્રવેશ નિમિત્તે રૂા. ૧૫૧/- મહિલા મંચને ભેટ મળેલ.

### ક.દ.ઓ. મહિલા મંચ, નાગપુર

ક. દ. ઓ. મહિલા મંચ, નાગપુર દ્વારા તા. ૧૪-૩-૨૦૧૫ના દિવસે ટ્રાફિક પાર્કમાં મહિલા દિવસ નિમિત્તે પિકનિક રાખવામાં આવી હતી, જેમાં પુરણપોળી, ગુલકંદ બરફી, રસગુલ્લા, ઢોકલા તથા પટોટી, જીરા ભાત, પત્તાગોબી વટાણાનું શાક, પાપડ વગેરે વ્યંજનો બહેનો ઘરેથી બનાવી લાવ્યા હતા અને સાથે મળી ડબ્બા પાર્ટીની મજા માણી હતી.

અધ્યક્ષ પ્રગતિ ખોનાએ એક લિખિત રમત રમાડી હતી જેમાં પ્રથમ ઈનામ સૌ. ક્ષમાબેન ખોના તથા બીજું ઈનામ સૌ. મોહિની મૈશેરીને મળ્યું હતું. ત્યારબાદ બિજલબેને A to Z વાળી રમત રમાડી હતી.

તા. ૨૮-૩-૨૦૧૫ના દિવસે દિશા કુંભેરેના ત્યાં મિટીંગ રાખવામાં આવી હતી જેમાં મિસ શ્રુતી જૈતવાર આવ્યા હતા. જેમણે "Quilling Art" શીખવાડી હતી. પોતે બનાવેલી અલગ અલગ કૃતિઓ દેખાડી જેમકે ગણપતિ, ગ્રીટીંગ કાર્ડ, ઘડિયાળની અંદર તથા આણા ડેકોરેશન વગેરેનો સમાવેશ થયો હતો.

ઉખાણા બોલવાની રમતમાં પૂનમ મોમાયા તથા પ્રગતિ ખોના વિજેતા થયા હતો. દુપટ્ટાવાળી કપલગેમ પણ રમાડવામાં આવી હતી. તા. ૩-૪-૨૦૧૫ ના સૌ. કાજલ પોલડિયાને ત્યાં ચૈત્ર નવરાત્રીની ભાવના ભણાવાઈ હતી.

તા. ૪-૪-૨૦૧૫ ના મહાવીર જન્મ કલ્યાણક નિમિત્તે મંડળની બહેનોએ શ્રધ્ધાનંદપેઠ આશ્રમમાં ૮ કિલો ચેવડો તથા બેસનની મિઠાઈ ૧૫૦ છોકરીઓને ખવડાવી હતી.

### શ્રી કુલપાકજી તીર્થયાત્રા સંઘ દ્વારા કુલપાક માંગલિકમાં જવા વિશેષ બસ વ્યવસ્થા

શ્રી કુલપાકજી તીર્થયાત્રા સંઘ દ્વારા રવિવાર તા. ૧૯-૪-૨૦૧૫ના કુલપાકજી તીર્થ ખાતે યોજાયેલા વિશેષ માંગલિકમાં હૈદરાબાદ-સિકંદરાબાદના સાધર્મિક ભાગ લઈ શકે તે માટે ૧૦ જેટલા સંઘપતિઓનો સહયોગ મેળવી કાચીગુડા અને ચૈતન્યપુરીથી બસની ખાસ વ્યવસ્થા કરવામાં આવી હતી.

આ આયોજનનો લાભ લેનારા ભાવિકોએ દર્શન, સેવા, પુજા, ભક્તિભાવના, સ્વામીવાત્સલ્ય ઉપરાંત ગૌસેવા તથા ગોવંશ બચાવવાનો લાભ લીધો.

શ્રી કુલપાકજી તીર્થ યાત્રી સંઘ દર મહિને પહેલા રવિવારે કુલપાકજીના તીર્થયાત્રીઓ માટે બસનું આયોજન કરે છે. એમ તેના સંયોજક હંસકુમાર શાહે જણાવ્યું છે.

## શ્રી કચ્છી જૈન મહિલા મંડળ - કલકત્તા

શ્રી કચ્છી જૈન મહિલા મંડળ - કલકત્તા દ્વારા તા. ૨૧-૩-૧૫ના રોજ હેમલતાબેન લક્ષ્મીચંદ સાયલાના ઘરે જાપ રાખવામાં આવેલ. જાપ બાદ બધાને સાધર્મિક ભક્તિ કરાવવામાં આવેલ. મંડળને રૂા. ૫૦૦/- ની ભેટ મળેલ છે.

તા. ૧-૪-૧૫ના શ્રી મહાવીર પંચકલ્યાણક પુજા અરવિંદભાઈ શાહ તરફથી ભણાવવામાં આવેલ. મંડળને રૂા. ૫૦૦/- ભેટ મળેલ. સંઘની સાધર્મિક ભક્તિ કરેલ.

તા. ૨૧-૩-૧૫ ના રોજ નલિનીબેન મેકોનીની દોહિત્રીના લગ્ન નિમિત્તે મંડળને રૂા. ૫૦૦૦/- ભેટ.

તા. ૪-૪-૧૫ શંત્રુજયની ભાવયાત્રા વખતે મીરાબેન મોતા તરફથી સાધર્મિક ભક્તિ રખાઈ હતી. તે પછી મોટું પ્રતિક્રમણ રાખવામાં આવેલ.

તા. ૧૦-૪-૧૫ ગીતાબેન શાહના ઘરે કિટી પાર્ટીનું આયોજન કરવામાં આવેલ.

તા. ૨૧-૪-૧૫ શાંતિભાઈ વીરા અને કલ્પનાબેન વીરાના વર્ષીતપના પારણાં તેમના ઘેર સાધર્મિક ભક્તિ સાથે કરાવવામાં આવેલ. મંડળને રૂા. ૧,૦૦૦/- ભેટ મળેલ છે.

તા. ૨૮-૪-૧૫ દોહિત્રીની જન્મની ખુશાલી નિમિત્તે મધુબેન ખોનાને ઘેર મહાકાળીની ભાવના અને હાલરડા ગાવાનો કાર્યક્રમ હતો. મંડળને રૂા. ૨૫૧/- ભેટ મળેલ છે.

ગુણવંતીબેન લુઠિયા તરફથી તેમના જન્મદિવસની ખુશાલી નિમિત્તે મંડળને રૂા. ૫૦૦/- ની ભેટ મળેલ છે.

તા. ૧-૫-૧૫ મહોપાધ્યાય ભુવન મહારાજની ૫૦ મી દીક્ષા જયંતી નિમિત્તે શ્રી પાર્શ્વનાથ પંચકલ્યાણક પુજા ભણાવી સંઘ જમણ રાખવામાં આવેલ. બીજે દિવસે દાદા ગુરૂની અષ્ટપ્રકારી પુજા અને ત્રીજે દિવસે સામાયિક ભક્તિ રાખવામાં આવેલ.

## ભાવનગર કચ્છ સમાજ દ્વારા
## કલાગુરૂ શ્રી ધરમશીભાઈની વર્ષગાંઠની ઉજવણી

ભાવનગર કચ્છ સમાજ પરિવાર દ્વારા તા. ૫-૪-૨૦૧૫ ના રોજ સમાજના વડિલ સભ્ય કલાગુરૂ શ્રી ધરમશીભાઈ શાહનો ૯૬મો જન્મદિન ઉજવવામાં આવ્યો. કલાક્ષેત્ર અને ભાવનગર કચ્છ સમાજના અંદાજે ૨૦૦ આત્મીયજનો એકઠા થઈ મુરબ્બી શ્રી ધરમશીભાઈનું ભાવ વંદન કર્યું હતું. ભાવનગર કચ્છ સમાજના પ્રમુખ શ્રી મહેન્દ્રભાઈના માર્ગદર્શનમાં યોજાયેલ સમગ્ર કાર્યક્રમનું સંચાલન સમાજના મંત્રી ડૉ. ઈન્દ્રભાઈ ગઢવીએ કર્યું હતું. આ કાર્યક્રમમાં સમાજના ઉપપ્રમુખ ડૉ. રવીભાઈ પટેલ, પ્રમુખશ્રી મહેન્દ્રભાઈ શાહ, કલાક્ષેત્રના ડૉ. મનોહરભાઈ દેસાઈ, ભાવનગર યુનિ. ના સાંસ્કૃતિક પ્રવૃત્તિના સંયોજક અને ગુજરાતી ભવનના પ્રો. મહેન્દ્રસિંહ પરમારે મુરબ્બીશ્રી ધરમશીભાઈને જન્મદિન નિમિત્તે શાબ્દિક શુભેચ્છા પાઠવી હતી.

મુરબ્બીશ્રી ધરમશીભાઈનો જન્મ પાંચ એપ્રીલ ૧૯૨૦ ના રોજ કચ્છના માંડવી મુકામે થયો હતો. નાનપણમાં જ માતા-પિતાની છત્રછાયા ગુમાવી અને મોટાભાઈએ ભાવનગરથી દક્ષિણામૂર્તિ વિદ્યાર્થી ભવનમાં અભ્યાસ અર્થે મૂક્યા ત્યારથી તેમનો નાતો ભાવનગર સાથે બંધાયો. ધરમશીભાઈના ધર્મપત્ની શ્રીમતી ઝવેરબેન પણ તેમની કલાયાત્રમાં પુરેપુરા સહભાગી છે.

## શ્રી ક.દ.ઓ. મહિલા મંચ - ખામગાંવ/શેગાંવ

શ્રી ક.દ.ઓ. મહિલા મંચ - ખામગાંવ/શેગાંવે સૌ. વર્ષાબેન લોડાયાના અધ્યક્ષપદે નવેમ્બરમાં દીવાળી નિમિત્તે ગરીબોને કપડાં વિતરણ કરેલ.

ડિસેમ્બરમાં બુલડાણા જીલ્લાની પ્રથમ ક્રિકેટ કલર હોલ્ડર ડૉ. સૌ. સીમા દેશમુખે જીવનમાં રમત ગમતનું મહત્વ સમજાવેલ. તેમ જ બાળકોની પ્રતિભા કેમ વિકશે અને પરીક્ષામાં સ્પોર્ટ્સના માર્કનો ફાયદો થાય એ વિશે સમજ આપેલ. એમનો પરિચય સૌ. કુંજન લોડાયાએ અને આભાર પ્રદર્શન સેક્રેટરી શ્રીમતી પ્રવીણા દંડે કરેલ.


**SHAH COMPUTER TECHNOLOGY**
*Sales & Service, Computer, Laptop & Accessories*
*Software, networking with wireless solution CCTV*
*Camera Security System - All Repair & Solution*
Office No. 2, Diti Complex, New Stn. Rd., Bhuj (Kutch)
**Dollar N. Lodaya - 09726905981 / 09099250417**
E-mail : dollarshah34@gmail.com
Shahcomputer95@gmail.com

જાન્યુઆરી મહીનાનાં હલ્દી કંકુ ઉખાણા અને તીલગુડ સાથે ગીફ્ટ આપવામાં આવેલ. નકામી ફેંકવાની વસ્તુમાંથી સુંદર ગીફ્ટ આઈટમ બનાવી શકાય એનું ડેમોન્સ્ટ્રેશન સૌ. અલકા સપકાલએ બતાવ્યું. જેમાં બીસલેરીની બાટલીમાંથી ફ્લોટીંગ કેન્ડલ સ્ટેન્ડ, ફુલો બનાવવાનું સોલાવુડમાંથી ગજરો, ભોપળામાંથી પીગી બેન્ક, નાળીયેરની કાચલીમાંથી પેપર વેઈટ, પપેટ, કાચબો, કાર્ટુન વગેરે અને પેપર ક્વીલીંગની જ્વેલરી બનાવવાનું, શીખવાડેલ. એમનો પરિચય સૌ. કુંજન લોડાયાએ કરેલ અને આભાર પ્રદર્શન સૌ. તૃપ્તિ લોડાયાએ કરેલ.

### સાંયરા સમાચાર

સાંયરા તા. ૧૧-૪-૨૦૧૫ના માતુશ્રી ગંગાબાઈ લીલાધર મોમાયા તરફથી શરૂ થયેલ છાશ કેન્દ્રનો ૪૫ પરિવાર લાભ લે છે. સંચાલન ટી. એમ. ગુંસાઈ. તા. ૧૬-૪-૨૦૧૫ના સ્વ. વીરચંદભાઈ રતનશી ધરમશી ભાટેની પુણ્યતિથિ નિમિત્તે શ્રી પાર્શ્વનાથ પંચકલ્યાણક પૂજા ભણવામાં આવેલ જેમાં તબલચી મણીલાલભાઈ, પ્રેમચંદભાઈ, સતીષભાઈ ને કસ્તુરીબાઈ, વાલબાઈએ રંગત જમાવેલ. ભાટે પરિવાર તરફથી આખા દિવસની સાધર્મિક ભક્તિ હતી.

### શ્રી અજીત સ્નાત્ર મંડળ - હુબલીની શાનદાર સુવર્ણ જયંતીનું આયોજન

શ્રી અજીત સ્નાત્ર મંડળને ૫૦ વર્ષ પુર્ણ થતાં બે દિવસનો ધાર્મિક તેમજ સાંસ્કૃતિક કાર્યક્રમ હુબલી મધ્યે તા. ૯/૧૦ એપ્રીલ ૨૦૧૫ ના રાખવામાં આવેલ.

પ્રથમ દિવસે હુબલી તીર્થે શ્રી અજીતનાથ દેવાલયે શ્રી સિધ્ધચક્ર મહાપુજનનું આયોજન કરવામાં આવેલ. વિધીકાર શ્રી વિક્રમભાઈ તથા શ્રી અરવિંદભાઈ ગુરૂજીએ બહુજ સુંદર રીતે પુજન વિધી કરાવેલ. સકળ સંઘના દરેક કુટુંબના સભ્યોને લાભ આપવામાં આવેલ. પુજનના ફાળામાં શ્રીમતી ઈન્દુબેન અરવિંદ પટેલે સારો જેવો લાભ લીધો હતો. તેમજ તેમને ૭૫ વર્ષ થતાં હોવાથી તેમના તરફથી સ્વરૂચી ભોજનની વ્યવસ્થા તેમજ તેમા પૌત્ર ચિ. મોક્ષય પ્રજેષ પટેલના જન્મદિન નિમિત્તે સંઘ પ્રભાવના પણ તેમના તરફથી હતી.

સિધ્ધચક્ર પુજનની સફળતા માટે શ્રીમતી ઈન્દુબેન પટેલ, સૌ. ધનલક્ષ્મીબેન મોમાયા, સૌ. પુર્ણિમાબેન વિકમશી, સૌ. પ્રવિણાબેન છેડા, સૌ. મધુબેન, સૌ. લલીતાબેન તેમજ અન્ય કાર્યકર બહેનોએ સારી જહેમત ઉઠાવી હતી.

દ્વિતીય દિવસે માયફેર ઓડીટોરિયમમાં સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ. સૌ. મિત્તલબેન શૈલેષ પટેલે નવકારમંત્ર નૃત્ય પ્રસ્તુત કર્યું. રાસ ગરબાની હરીફાઈમાં ૫૦ વર્ષ કે તેથી ઉપરના ગ્રુપમાં શ્રીમતી રેખાબેન ભરત લોડાયા અને જ્યોતિબેન જયંત લોડાયા તેમજ ૫૦ વર્ષથી નીચેના ગ્રુપમાં સૌ. મિત્તલબેન શૈલેષ પટેલ, સૌ. ચેતનાબેન શરદ મોમાયા તથા સૌ. રાજુલાબેન અનિષ મોમાયા વિજેતા રહ્યા હતા.



બેસ્ટ ડ્રેસ હરીફાઈમાં વિજેતા સૌ. સ્મિતાબેન ચેતન લોડાયા તેમજ સૌ. ચારૂબેન રતિલાલ પટેલ હતા. લક્કી ડ્રો દ્વારા ઈનામો અપાયા હતા.


કલર ફોટો છેલ્લા કવર પર

મંડળની વડીલ બહેનો વનિતાબાઈ દેવશી મોમાયા, લીલબાઈ નારાણજી મોતા, મણિબાઈ જેઠાભાઈ લાલકા, ઝવેરીબાઈ ખીમજી મોમાયા, બાયાંબેન મુલજી ગોસર અને ઈન્દુબેન ગોવિંદજી ધરમશીનું શાલ અને શ્રીફળથી સન્માન કરવામાં આવ્યું.

ચૌવિહારની વ્યવસ્થા રાખવામાં આવેલ. સ્નાત્ર મંડળની સૌ સભ્ય બહેનોને મંડળ તરફથી ટ્રાવેલિંગ બેગની શુભેચ્છા ભેટ આપવામાં આવી.

કાર્યક્રમના સંચાલનમાં સૌ. પુર્ણિમાબેન વિકમશી, સૌ. હેતલ હિરેન છેડા તથા સૌ. ચેતનાબેન શરદ મોમાયાએ મુખ્ય ભાગ ભજવ્યો હતો. અન્ય સૌનો પણ સુંદર સહકાર સાંપડેલ.



**ABDASA (KACHCHH) GAUSHALA TRUST**


**(Trust Regn. No. E-2071-Kachchh P.A. No. AABTA 7039 A)**

C/o. Vipul Shivji Damaji, Village Rapar Gadhwali, Taluka Abdasa (Nalia).
Dist. Kachchh, Gujarat State - 370 645 Tel. : (02831) (952831) 273256.

**Mumbai Office :** Mota Trading P. Ltd. 101, Manratna Business Park, 1st Floor, Junction of Derasar Lane, & Tilak Road, Ghatkopar (E), Mumbai - 400 077, Tel. : 022 4422 9100 /199 Fax : 022 4422 9119

**નવા / બદલાયેલા સરનામા –** (પૂરું નામ અને નવું સરનામુ મોકલવાની સાથે જુનું રદ કરવાનું સરનામું અવશ્ય જણાવવું)

| | |
|---|---|
| **મયંક અરવીંદ ધરમશી** | ૨૦૧, પ્રેમલીલા, ૩ જી લેન, શ્રીજી વેલી, બીચોલી-મર્દાના, ઈન્દોર – ૪૫૨૦૧૬.<br>**મયંક** મો. 9329717304 **નેહલ** 97555 03536 |
| **મયુર ખોના** | **ફ્લેટ નં. ૧૦૩૭, બિલ્ડીંગ નં. ૩૫, સહ્યાદ્રી, પંતનગર સ્ટેશન રોડ,**<br>દત્તા સામંત ઓફીસ પાછળ, ઘાટકોપર – ૪૦૦૦૭૭. |
| **ચંદ્રેશ દેવચંદ ખોના** | ૪ થા માળે, પાર્વતી નિવાસ, ૭૭ ધનશ્યામ ગુપ્તે રોડ, ગાંવદેવી, ડોંબીવલી (વે.),૪૨૧૨૦૨.<br>મો. 9757220047 |
| **પ્રવીણ પદમશી મોમાયા** | રૂમ – ૧૦૧, એ-વિંગ, ૧ લે માળે, પ્રિયવંદા કો. હા. સો., વૈત્ર નગર, નાહૂર રોડ,<br>અશોક નગર, પાછળ, મુલુંડ (વેસ્ટ). |
| **રાજેશ વિશનજી લાપસિયા** | બી-૧૦૩, મંગલ-આરતી, કેશવ બાગ, સ્વામિ નારાયણ મંદીર પાસે, સ્ટેશન ની સામે, મુલુંડ (ઈ.)૮૧. |

## જીવનચક્ર

### જન્મ

| | | | | |
|---|---|---|---|---|
| ૧૧.૩.૧૫ | મુલંડ | રેયાંશ / ડીમ્પલ મીતેશ ઝવેરચંદ લોડાયા | (રાપર) | પુત્ર |
| ૨૧.૪.૧૫ | વિદ્યાવિહાર | વીરન્કા / ફોરમ નરેશ લોડાયા | (સુથરી) | પુત્રી |
| ૧૨.૩.૧૫ | કાંજૂરમાર્ગ | યુગ / રૂપાલી તેજશ ચીમનલાલ સોની | (સુથરી) | પુત્ર |
| ૧૦.૧૨.૧૪ | ડોંબીવલી | હિતાંશ / કાજલ પારસ દંડ | (ભારૂડીયા) | પુત્ર |
| ૧૨.૪.૧૫ | ડોંબીવલી | ધીર / અમીતા ભાવેશ લહેરચંદ પોલડીયા | (ડુમરા) | પુત્ર |
| ૭.૩.૧૫ | બેંગલોર | પૂરવ / પૂજા જય ખોના | સુજાપૂર | પુત્ર |

### સગપણ

| | | | | |
|---|---|---|---|---|
| ૨૧.૪.૧૫ | અમદાવાદ | કૃણાલ ખુશેન્દ્ર ધનજી ધરમશી | (સુથરી) | ૨૫ |
| | અમદાવાદ | પૂજા પંકજ લક્ષ્મીચંદ મોતા | (સુથરી) | ૨૩ |
| ૨૩.૩.૧૫ | બીલીમોરા | તારક મુકેશ દામજી વીકમસી | (રાણપર) | ૨૪ |
| | ડોંબીવલી | અંજલિ ભદ્રીચંદ મુરજી મૈશરી | (નાની સિંધોડી) | ૨૦ |
| ૧૯.૪.૧૫. | ડોંબીવલી | લિનેશ કિર્તિકુમાર વિરચંદ લોડાયા | (વારાપધાર) | ૨૯ |
| | ડોંબીવલી | ડોલી ટારઝન લાલજી ધરમશી | સુથરી | ૨૬ |
| ૨૧.૪.૧૫ | મુલુંડ | વિરલ ભરત હીરજી લોડાયા | જખૌ | ૩૧ |
| | પૂના | દિપ્તી ધનજી કેશવજી લાલકા | બાંઢીયા | ૨૯ |
| ૨૧.૪.૧૫ | ડોંબીવલી | પરાગ અશ્વીન ભાણજી લોડાયા | દલતુંગી | ૨૯ |
| | ભાંડૂપ | બીના મણીલાલ પદમશી ખોના | સાંધવ | ૨૭ |
| ૨૫.૪.૧૫ | અંબર | ભાવિક લેહચંદ લખમશી મોતા | નલીયા | ૨૩ |
| | વડોદરા | આરતી હરીશ પદમશી દંડ | લાલા | ૨૫ |
| ૩૦.૪.૧૫ | ચેંબર | પ્રિયંક દેવેન્દ્ર કાંતીલાલ ખોમા | સાંધવ | ૨૮ |
| | ચાલીસગામ | પ્રેક્ષા જીતેન્દ્ર શીવજી લોડાયા | તેરા | ૨૫ |
| ૧.૫.૧૫ | ઈટારશી | લોકેશ વિજય શીવજી લોડાયા | નલીયા | ૨૬ |
| | બુરહાનપુર | નિલેશ તારાચંદ પોલડીયા | ડુમરા | ૧૮ |
| ૬.૫.૧૫. | વડોદરા | પાવન તરુણ રાઘવજી નાગડા | કોઠારા | ૨૬ |
| | વડોદરા | ઊર્વી મહેન્દ્ર શામજી નાગડા | નલીયા | ૨૫ |
| ૭.૫.૧૫. | સીરશી | નિલેશ હરીશ ચાંપશી ડાઘા | દલતુંગી | ૩૪ |
| | ડોંબીવલી | ડીમ્પલ બીપીન શામજી શિયાલ | દલતુંગી | ૨૯ |

**જન્મ – સગપણ – લગ્ન નોંધ મોકલવાનું ફરીથી શરૂ કરવા બદલ શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન – મુંબઈનો ખૂબ ખૂબ આભાર.**

**– પ્રકાશ સમીક્ષા વતી તંત્રીશ્રી**

### આંતરજ્ઞાતિ સગપણ

| | | | | |
|---|---|---|---|---|
| ૨.૪.૧૫ | બદલાપૂર | ચેતન શરદ નારાયણ દેવધર | સોલાપૂર | ૨૮ |
| | થાણે | ઈશીતા નિર્મલ દંડ | સેવક - ભરૂડીયા | ૨૫ |
| ૨૬.૩.૧૫ | બેંગલોર | તારક ખુશાળ હિરજી છેડા | નલીયા | ૨૬ |
| | બેંગલોર | હંસા ગુપ્તા | સિક્કીમ | ૨૪ |
| ૬.૪.૧૫ | ડોંબીવલી | જય નવીન ખેતશી મોતા | કુઆપધર | ૨૯ |
| | થાણા | સીતા શિવજી ગોયલ | મુરબાડ | ૨૪ |
| ૨૧.૪.૧૫ | સાયન | પ્રતિક હરેશ હીરજી ખોના | નલીયા | ૨૬ |
| | સાયન | કોનીકા નીતીન ગોવિંદજી દેઢીયા | ગઢસીસા | ૨૫ |
| ૨૧.૪.૧૫ | ડોંબીવલી | મેહુલ અજય હીમતલાલ ખોના | રંગપુર | ૨૬ |
| | થાણા | શ્રેયા સુધાકર નારાયણ પવાર | સિંધુદુર્ગ | ૨૫ |
| ૨૧.૪.૧૫ | ઘાટકોપર | ચીરાગ ચેતન શીવજી લોડાયા | સાયરા | ૩૧ |
| | દાદર | શ્વેતા દિલીપ હનુમંત પારથે | પૂના | ૨૯ |
| ૨૨.૪.૧૫ | ઘાટકોપર | અશિત નવીનચન્દ્ર જેઠાલાલ નાગડા | નલિયા | ૪૦ |
| | | કુંતલ ધનસુખલાલ હરજી લાખાણી | માનકુવા | ૩૨ |
| ૨૬.૪.૧૫ | મુલુંડ | શ્રેયસ મહેન્દ્ર દેવજીભાઈ નાગરીયા | મુગણી | ૨૫ |
| | મુલુંડ | વૈભવી જયકુમાર ગોવિંદજી ખોણા | કોઠારા | ૨૫ |
| ૨૬.૪.૧૫ | મુલુંડ | ભાવેશ માણેકજી મેઘજી લોડાયા | સાંધવ | ૩૨ |
| | થાણા | વર્ષા ગણેશ બોડલ | માલવણ | ૨૮ |
| ૨૮.૪.૧૫ | ડોંબીવલી | દર્શન દિલીપ શાંતિલાલ ધુલ્લા | સુથરી | ૨૩ |
| | મુલુંડ | નેહા હસમુખ હરીલાલ સાવલા | પત્રી | ૨૩ |
| ૪.૫.૧૫ | રતલામ | વિપુલચંદ્ર પ્રસાદ પટેલ | | ૩૧ |
| | રતલામ | એકતા મહેન્દ્ર પોલડીયા | | ૩૧ |
| ૨૮.૪.૧૫ | ડોંબીવલી | વિપુલ પુનમચંદ વેરસી સોની | વાંકુ | ૨૯ |
| | મુલુંડ | દિગ્ના નરેન્દ્ર ઉમરશી ધરમસી | ભરૂડીયા | ૩૧ |

### લગ્ન

| | | | | |
|---|---|---|---|---|
| ૩૦.૪.૧૫ | હુબલી | ભાવિન હંસરાજ મોતા | સુથરી | ૨૭ |
| | હુબલી | સવિતા મલ્લપા મલ્લનવર | હુબલી | ૨૭ |
| ૧૪.૪.૧૫ | ડોંબીવલી | વિપુલ પુનમચંદ વેરસી સોની | વાંકુ | ૨૯ |
| | થાણા | ખુશ્બૂ પ્રકાશ રતિલાલ દંડ | લુણી | ૨૭ |
| ૩૦.૪.૧૫ | થાણા | મેહૂલ નિર્મલકુમાર દંડ | સેવક ભરૂડીયા | ૩૦ |
| | ભાંડૂપ | ભાવિની ચંદ્રકાંત નાગડા | રંગપૂર | ૨૭ |

### આંતરજ્ઞાતિય લગ્ન

| | | | | |
|---|---|---|---|---|
| ૨૮.૪.૧૫ | ડોંબીવલી | યોગીન હીરજી કાનજી ગુટકા | ચિત્રંજ | ૩૧ |
| | મુલુંડ | દિગ્ના નરેન્દ્ર ઉમરશી ધમસી | ભરૂડીયા | ૩૧ |

### મરણ

| | | | | |
|---|---|---|---|---|
| ૦૩.૫.૧૫ | બોરીવલી | ગુણવંતી મુલજી ખીમજી મોતા | તેરા | ૬૧ |
| ૦૫.૫.૧૫ | મુલુંડ | કાંતિલાલ કુંવરજી આણંદજી લોડાયા | સુથરી | ૯૧ |
| ૦૯.૫.૧૫ | મુલુંડ | મુલચંદ વી. નાગડા | તેરા | ૭૩ |


જ્ઞાતિના સર્વાંગીણ વિકાસ માટે સમર્પિત

**શ્રી નરશી જેઠાભાઇ દંડ પરિવાર** (વરાડીયા-મલકાપુર)

**M/s. VIRCHAND NARSHI COTTON PVT. LTD.**

Asia's First ISO 9001:2000 Certified Gin Press

# હાર્દિક અભિનંદન



## ચિ. કૌશિક વસંત પદમશી શાહ (હેફા)

**સુથરી- બેંગ્લોર**

Yum! Restaurant Ltd. (Multinational Company) તેની Brand Product i.e. Pizzahut, K.F.C., Tacos Bell etc. માં South Zone ના Training & Management Manager તરીકે યશસ્વી કામગીરી કર્યા બાદ હાલમાં તેઓ કંપની તરફથી તેની International Associate Company "Kout Food Group" presence in U.A.E., U.K. & Dubai માં as a Corporate Learning & Development Specialist ના પદે નિયુક્ત થયા છે. તેઓ ૧૧-૪-૨૦૧૫ના Kuwait, Dubai & U.K. જવા રવાના થયા છે. આ પ્રગતિ બદલ હાર્દિક અભિનંદન અને વધુ યશસ્વી કારકીર્દીની શુભેચ્છાઓ.



**: શુભેચ્છક :**

પત્ની : **અ.સૌ. શિલ્પા કૌશિક શાહ** - બેંગ્લોર
માતા-પિતા : **અ.સૌ. જ્યોતિ વસંત શાહ** - થાણા
ભાઈ-ભાભી : **અ.સૌ. સંગીતા પરેશ શાહ** - ડોંબીવલી
કાકા-કાકી : **સ્વ. વિણા રમેશ શાહ** - મલકાપુર
સાસુ-સસરા : **અ.સૌ. પુષ્પા વિજય સિંહ સોલંકી** - ગ્વાલિયર
ફઈ-ફુવા: **અ.સૌ. કલાવતી દામજી મોમાયા** - વરાડિયા
**કુ. મીનલ, કુ. વિધિ**

# લાપસીયા તથા ધરમશી પરિવારનું ગૌરવ



## ડૉ. દર્શના રાજેન્દ્રકુમાર લાપસીયા (દેસાઈ)

**સાંયરા-રાયપુર**

**ચિ. દર્શનાએ** B.H.M.S. માં 65.23% સાથે કોલેજમાં IInd રેન્ક મેળવી અમારા પરિવારનું ગૌરવ વધાર્યું છે. આ સિધ્ધી બદલ તથા તેમના ઉજ્જવલ ભવિષ્ય માટે હાર્દિક શુભેચ્છાઓ સાથે અભિનંદન.



**: શુભાશીષ :**

**માતુશ્રી દેવકાંબાઈ મુલજી લખમશી લાપસીયા**
**સમસ્ત પરિવાર (રાયચુર-હુબલી-મૈસુર)**

**દાદાણા :**
**માતુશ્રી લીલાવંતીબેન ઉમરશી લાપસીયા પરિવાર**
(રાયચુર)

**દાદાણા :**
**માતુશ્રી દમયંતીબેન જીવરાજ લાપસીયા પરિવાર**
(રાયચુર)

**નાનાણા :**
**સૌ. ઉર્મિલાબેન પદમશી ધરમશી**
(કોઠારા - બાગલકોટ)

**માતા-પિતા :**
**સૌ. અંજનાબેન રાજેન્દ્રકુમાર લાપસીયા** (રાયચુર)

**કાકા-કાકી :**
**સૌ. કોકિલાબેન ગિરીશ લાપસીયા** (રાયચુર)
**સૌ. ટીરીનાબેન ગિરીશ લાપસીયા** (રાયચુર)

**બહેન-બનેવી :**
**ડૉ. ભાવના - ડૉ. પ્રતીક ખોના** (ગદગ)

**બહેન-ભાઈ :**
**ચી. ધારા, કેવલી, નીલ અને ભુવન** (રાયચુર)

C.DO. Prakash Samiksha R.N.I.No. MAHGUJ/1998/04640 Day of publication every Monday
Postal Regd. No. MCE/53/2015 - 2017 WPP Licence No. MR/ Tech/WPP-261/East / 2015
Posting : Tuesday / Wednesday Posted at Mumbai Patrika Channel Sorting Office, Mumbai - 400 001

## શ્રી અચલગચ્છ જૈન ટ્રસ્ટ કોઈમ્બતુર ● શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન કોઈમ્બતુર
વધુ તસ્વીરો બીજા કવર પર
## નૂતન જિનબિંબો અને પ.પૂ. મુનિરાજ શ્રી ધર્મપ્રભસાગરજી મ.સા આદિઠાણા ૩ નો નગર પ્રવેશ














Dr. Dolly K. Khona
Contact : 98196 53811
96990 25422
Email :
dolly.khona@rediffmail.com



**Congratulations!!**
for successful completion of Ph. D. in Biotechnology from University of Mumbai (Centre for Excellence in Basic Sciences, a DAE institute) in April 2015. Entire family wishes good luck for her bright future.

**Well Wishers**
Dadana : **Maniben Jethabhai Ramji Khona**
(Pallani-Kothara)
Parents : **Anita Khushal Jethabhai Khona**
(Pallani-Kothara)
Kaka-Kaki : **Ramila Pravin Jethabhai Khona**
(Pallani-Kothara)
***OTHER NEAR & DEAR ONES***


## અજીત સ્નાત્ર મંડળ હુબલીના ૫૦ વર્ષની સુવર્ણમયી ઉજવણી



(અહેવાલ સમાચાર વિભાગમાં)

if undelivered, please return to :
**C.D.O. PRAKASH SAMIKSHA,** C/o. R. R. Nagda, Advocate, 29/41, Tamarind Lane, Rajabahadur Compund, Near Stock Exchange Bldg., Fort, Mumbai - 400 001.
Printed & Published by : **RAICHAND R. NAGDA** on behalf of **C.D.O. PRAKASH SAMIKSHA, SAMITI (Owner)** and Printed at **THE NEW MILLENNIUM PRINTERS,** 314, Mathuradas Mill Compound, N. M. Joshi Marg, Lower Parel, Mumbai - 400013 and Published by him from Premises No. 13A Situate at 29/41, Tamarind Lane, Rajabahadur Compund, Fort, Mumbai - 400 001.
**Editor : Raichand R. Nagda**

To,